અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ મે ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૫ | અંક : ૩૨૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### આતંકવાદ વિરુદ્ધ ભારતની લડત રોકાઈ નથી, ફરી ઊભા થયા તો કચડી નાંખીશું

। (એજન્સી) કારાકાટ, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના કારાકાટથી એકવાર ફરી પાકિસ્તાન અને આતંકવાદ પર પ્રહાર કર્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જો હવે આતંકવાદ કરવા ઊભા થયા તો કચડી નાંખવામાં આવશે. બિહારની ધરતીથી ફરી પુનરાવર્તન કરૂ છુ કે, ઓપરેશન સિંદૂરમાં ભારતની તાકાત દુશ્મને જોઈ લીધી છે, દુશ્મન હવે જાણી લે કે આ તો ફક્ત એક ટ્રેલર છે. વડાપ્રધાન મોદીએ બિહારમાં કહ્યું કે, આતંકવાદ સામે ભારતની લડાઈ હજુ રોકાઈ નથી છે અને ન રોકાશે. જો ફરી આતંકવાદ કરવા ઊભા થયા તો ભારત ઘરમાં ઘૂસીને કચડી નાંખશે. આ લોકોએ પાકિસ્તાનમાં બેસીને અમારી બહેનોનું સિંદૂર ભૂંસી દીધું હતું, બાદમાં આપણી સેનાએ તેમના ઠેકાણાને ખંડેર બનાવી દીધા. આ નવું ભારત છે અને નવા ભારતની તાકાત છે. આર્મીના વખાણ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાં દુનિયાએ આપણી BSFનો પણ અભૂતપૂર્વ પરાક્રમ જોયો. આપણી સરહદ પર તૈનાત BSFના સૈનિકો સુરક્ષાની અભેદ ચટ્ટાન બનીને ઊભા છે. અમારી લડાઈ દેશના દરેક દુશ્મન સાથે છે. પછી ભલે તે સરહદ પાર હોય કે સરહદની અંદર. બિહારની જનતા સાક્ષી છે કે, છેલ્લાં ઘણાં વર્ષોથી અમે હિંસા અને અશાંતિ ફેલાવનારનો કેવી રીતે ખાતમો કર્યો છે. થોડા સમય પહેલાં સાસારામ, કૈમુર અને આસપાસના આ જિલ્લામાં શું સ્થિતિ હતી? નક્સલવાદનો કેવો ત્રાસ હતો? આ લોકોને બાબાસાહેબના બંધારણ પર વિશ્વાસ નહોતો.

### રાજ્યસભા સાંસદોની સુવિધામાં વધારો કરાયો

। નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્ર સરકારે રાજ્યસભાના સાંસદોને સ્માર્ટ બનાવવા માટે મોટો નિર્ણય લીધો છે. સાંસદોને લેપટોપ સહિતના અનેક ગેઝેટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ૨૩ મે-૨૦૨૫ના રોજ એક બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યસભાના સભ્યોને કમ્પ્યુટર સાધનો માટે નાણાકીય હક આપવાની યોજના હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના વિશેની માહિતી રાજ્યસભા બુલેટિનમાંથી સાંસદોને આપવામાં આવી છે.



પીએમ મોદીએ કાનપુરમાં ૪૭,૬૦૦ કરોડ રૂપિયાના ૧૭ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

# ભારતની સેનાનું પરાક્રમ જોઈને પાકિસ્તાનની આજીજી, યુદ્ધ રોકવાની કરી વિનંતી : પીએમ મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના કાનપુરમાં આજે શુક્રવારે ૪૭,૬૦૦ કરોડ રૂપિયાના ૧૭ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો છે. જેમાં રેલવે બ્રિજ, ફાયર સ્ટેશન અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા પ્રોજેક્ટ્સ સમાવિષ્ટ છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય ઉત્તર પ્રદેશમાં આધુનિક કનેક્ટિવિટી અને વર્લ્ડ ક્લાસ સ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો છે.









કાનપુરમાં એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વિકાસ કાર્યક્રમ ૨૪ એપ્રિલે યોજાવાનો હતો. પરંતુ પહલગામ હુમલાને કારણે તેને રદ કરવો પડ્યો. આખી દુનિયાએ હુમલાના બદલાને ઓપરેશન સિંદૂરના રૂપમાં જોયો છે. આપણે પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણા નષ્ટ કરી દીધા. આપણી સેનાએ એવી બહાદુરી બતાવી કે પાકિસ્તાની સેના યુદ્ધ બંધ કરવા આજીજી કરવા લાગી. વડાપ્રધાન મોદીએ કડક શબ્દોમાં પાકિસ્તાનને ચેતવણી આપી છે કે, ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી. ભારતે આતંકવાદ સામેની લડાઈમાં ત્રણ સિદ્ધાંતો નક્કી કર્યા છે. દરેક આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપશે. સમય, પ્રતિક્રિયા આપવાની રીત અને પ્રતિક્રિયાની પરિસ્થિતિઓ આપણા સૈન્ય દળો દ્વારા નક્કી કરવામાં આવશે. એટમ બોમ્બના ભયથી ડરશો નહીં. ભારત આતંકના માસ્ટર અને આતંકને સમર્થન આપતી સરકારને એક જ નજરે જોશે. મોદીએ આગળ કહ્યું કે, સંરક્ષણ ક્ષેત્રમાં સ્વનિર્ભરતામાં યુપી મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. જેમ કાનપુરમાં એક જૂની ઓર્ડિનન્સ ફેક્ટરી છે. અમે આવી સાત ઓર્ડિનન્સ ફેક્ટરીઓને મોટી આધુનિક કંપનીઓમાં રૂપાંતરિત કરી છે. આજે, દેશનો મોટો સંરક્ષણ કોરિડોર યુપીમાં બની રહ્યો છે. આ કોરિડોરનો કાનપુર નોડ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતનું એક મોટું કેન્દ્ર છે. સંરક્ષણ ક્ષેત્રની મોટી કંપનીઓ અમેઠીમાં પરંપરાગત ઉદ્યોગોનું સ્થાન લઈ રહી છે. AK 203 રાઈફલનું ઉત્પાદન શરૂ થયું છે. યુપી ધીમે ધીમે શસ્ત્રોનું ગઢ બન્યું છે. સ્વદેશી બ્રહ્મોસે દુશ્મનોની ઊંઘ ઉડાડી દીધી હતી. આ બ્રહ્મોસ મિસાઈલનું નવુ સરનામું ઉત્તર પ્રદેશ બન્યું છે. ભવિષ્યમાં કાનપુર અને ઉત્તર પ્રદેશ ભારતની ડિફેન્સ નિકાસમાં મોટો ફાળો આપશે. અહીં નવી ફેક્ટરીઓ સ્થાપિત કરાશે. મોટાપાયે રોકાણ થશે. હજારો યુવાનો માટે રોજગારની તકો વધશે. વડાપ્રધાને કહ્યું કે, કાનપુરમાંથી ઉદ્યોગો સ્થળાંતર કરી રહ્યા હતાં, પરિવારલક્ષી સરકારો આંખો બંધ કરીને બેસી રહી હતી. પરિણામે માત્ર કાનપુર જ નહીં પરંતુ આખું ઉત્તરપ્રદેશ પછાત રહી ગયુ હતું. રાજ્યની ઔદ્યોગિક પ્રગતિ માટે બે સૌથી મહત્વપૂર્ણ શરતો છે. પ્રથમ, એનર્જી સેક્ટરમાં આત્મનિર્ભરતા એટલે કે વીજ પુરવઠો અને બીજું, માળખાગત સુવિધા. ૬૬૦ મેગાવોટ પનકી પાવર પ્લાન્ટ, ૬૬૦ મેગાવોટ નેવેલી પાવર પ્લાન્ટ, ૧૩૨૦ મેગાવોટ જવાહરપુર પાવર પ્લાન્ટ, ૬૬૦ મેગાવોટ ઓબારાસી પાવર પ્લાન્ટ અને ૬૬૦ મેગાવોટ ખુર્જા પાવર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જે ઉર્જાની જરૂરિયાતોને પૂર્ણ કરવા તરફ આ એક મોટું પગલું છે. આ પાવર પ્લાન્ટ બાદ ઉત્તરપ્રદેશમાં વીજળીની ઉપલબ્ધતામાં વધારો થશે. અહીંના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે.

૩૧ મેના રોજ સરહદે આવેલા વિસ્તારોમાં મોક ડ્રીલ

## પાકિસ્તાનની સરહદે આવેલા રાજ્યોમાં ફરી સાયરન વાગશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પાકિસ્તાનની સરહદે આવેલા રાજ્યોમાં ફરી સાયરન વાગશે અને બ્લેકઆઉટ થશે. કેન્દ્રની મોદી સરકારે પાકિસ્તાનની સરહદે આવેલા જિલ્લાઓમાં મોક ડ્રીલ કરવાનો નિર્ણય લીધો છે. દર મહિને મોક ડ્રીલ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મહિને ૩૧ મેના રોજ સરહદે આવેલા વિસ્તારોમાં મોક ડ્રીલ હેઠળ લોકોને સતર્ક રહેવાની તાલીમ આપવામાં આવશે. જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ચંદીગઢ અને ગુજરાતમાં શનિવારે મોક ડ્રીલનું આયોજન કરવામાં આવશે. ભારતને અડીને આવેલા



પાકિસ્તાની સરહદની આસ પાસના વિસ્તારોમાં રહેતા લોકોને તાલીમ આપવામાં આવશે. ઓપરેશન શીલ્ડ હેઠળ આયોજિત મોક ડ્રીલમાં બ્લેકઆઉટ થશે અને સાયરન પણ વગાડવામાં આવશે. અગાઉ કેન્દ્ર સરકારે ૨૯ મેના રોજ પાકિસ્તાનની સરહદે આવેલા જિલ્લાઓમાં નાગરિક સુરક્ષા કવાયત અથવા મોક ડ્રીલ કરવાની જાહેરાત કરી હતી.

આતંકવાદ સામે નક્કર પગલા ન લેવાય ત્યાં સુધી મંત્રણા કરવાનો ઇનકાર

## સિંધુ જળ સંધિ, આતંક મુદ્દે મંત્રણાની પાકિસ્તાનની અપીલ ભારતે ફરી ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સિંધુ જળ સંધિ, આતંકવાદ અને કાશ્મીર સહિતના મુદ્દે મંત્રણા કરવાની પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની અપીલને ભારતે ગુરુવારે ફરી એક વાર ફગાવી દીધો હતો. ભારતે પુનરોચ્ચાર કર્યો હતો કે જ્યાં સુધી ઈસ્લામાબાદ આતંકવાદ સામે નક્કર અને અસરકારક કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી પાકિસ્તાન સાથે વાતચીત ફરી શરૂ થશે નહીં. ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા બાદ સ્થગિત કરાયેલી સિંધુ જળ સંધિ અંગે



ભારતે જણાવ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સીમાપાર આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે ફરી એકવાર ભારપૂર્વક કહેવા માંગીએ છીએ કે આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. અમે આતંકવાદીઓના નામની યાદી થોડા વર્ષો પહેલા પાકિસ્તાનને આપી હતી. પાકિસ્તાને આ આતંકવાદીઓ ભારતને સોંપવા પડશે. જમ્મુ અને કાશ્મીર પર વાતચીત ફક્ત Pko ખાલી કરવા કરવા પર જ થશે. સિંધુ જળ સંધિ અંગે જયસ્વાલે જણાવ્યું હતું કે પાકિસ્તાન ત્રાસવાદીઓને સમર્થન બંધ ન કરે ત્યાં સુધી તે સ્થગિત રહેશે. પીએમ નરેન્દ્ર મોદી કહ્યું છે કે ટેરર અને ટોક એકસાથે ચાલી શકે નહીં, ટેરર અને ટ્રેડ એકસાથે ચાલી શકે નહીં અને પાણી અને લોહી એકસાથે વહી શકે નહીં.

વડાપ્રધાને આપ્યું પ્રોત્સાહન

## વૈભવ સૂર્યવંશીએ કરી પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાત

। (એજન્સી) પટણા, તા.૩૦ ।



ભારતના સૌથી યુવાન ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. અહેવાલ અનુસાર વડાપ્રધાનની બિહાર મુલાકાત દરમિયાન પટણ વિમાન મથકે વૈભવનો પરિવાર પીએમ મોદીને મળ્યો હતો. આ મુલાકાત અંગે વડાપ્રધાન મોદીએ પણ તેમના ઠ હેન્ડલ દ્વારા માહિતી શેર કરી છે. આઈપીએલની ૧૮મી સિઝનમાં બેટથી ધૂમ મચાવનાર બિહારના યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ મુલાકાત કરી હતી. આ મુલાકાતની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. વડાપ્રધાન મોદીએ પણ યુવા ખેલાડી સાથેની આ મુલાકાતની કેટલીક તસવીરો પોતાના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર શેર કરી છે, જેમાં તેઓ યુવા ખેલાડીનો હાથ પકડીને દેખાઈ રહ્યા છે. આ દરમિયાન તેમણે વૈભવને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પણ આપી હતી.એક્સ પર યુવા બેટ્સમેન સાથેની તસવીરો શેર કરતાં વડાપ્રધાન મોદીએ કેપ્શનમાં લખ્યું છે, “પટના એરપોર્ટ પર યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી અને તેના પરિવાર સાથે મુલાકાત થઈ.

ગૃહમંત્રાલયે અમરનાથ યાત્રા માટે અભેદ સુરક્ષા કવચને બહાલી આપી

## ૩ જુલાઈથી શરૂ થનાર અમરનાથ યાત્રા માટે ૪૨૦૦૦ જવાનો ખડેપગે

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

પહેગામમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યા બાદ દુઃખી થયેલા ભારતીયોને ‘ઓપરેશન સિંદૂર’થી નવું જોમ મળ્યું છે. નિર્દોષ ભારતીયોનું લોહી રેડવાની નાપાક હરકત થશે તો આતંકવાદીઓ અને તેમના આકાઓને ભારતીય સેના જહન્નુમ ભેગા કરી દેશે તેવો વિશ્વાસ દરેક ભારતીયને છે. સશસ્ત્ર દળો પરના આ વિશ્વાસ અને ‘બર્ફાની બાબા’ પરની અખૂટ શ્રદ્ધાના બળે આ વર્ષે પણ નિયત સમય મુજબ પરંપરાગત અમરનાથ યાત્રાનું આયોજન થયું છે. ૩ જુલાઈથી શરૂ થનારી યાત્રા માટે ગૃહ મંત્રાલય



(MHA)એ યાત્રાના માર્ગો અને આસપાસના વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે અર્ધલશ્કરી દળોની તૈનાતીને મંજૂરી આપી છે. સરળ અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે જમ્મુ અને કાશ્મીરમાં અર્ધલશ્કરી દળોની ૫૮૧ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. જેમાં લગભગ ૪૨,૦૦૦ ઓન-ગ્રાઉન્ડ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે. ૫૮૧ કંપનીઓમાંથી ૪૨૪ કંપનીઓને કંપનીઓને કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી) મોકલવામાં આવી રહી છે, જ્યારે બાકીની કંપનીઓ - જેમાંથી લગભગ ૮૦ કંપનીઓ ‘ઓપરેશન સિંદૂર’ હેઠળ ત્યાં પહેલાથી જ તૈનાત હતી - તે હવે યાત્રા રૂટ અને શ્રીનગર સહિત અન્ય મહત્વપૂર્ણ વિસ્તારોને સુરક્ષિત કરવા માટે ફરીથી તૈનાત કરવામાં આવશે. ગૃહ મંત્રાલયે તમામ દળોને જૂનના બીજા અઠવાડિયા સુધીમાં તેમની પોઝિશન લેવાનો આદેશ આપ્યો છે જેથી ૩ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી ૩૮ દિવસની અમરનાથ યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણ રીતે સુરક્ષિત રહે.

રાજનાથ સિંહે ગોવામાં INS વિક્રાંતની મુલાકાત લીધી

## નૌકાદળનો ઉપયોગ કર્યો હોત તો પાક. ૪ ટુકડામાં વહેંચાઈ ગયું હોત : રાજનાથ સિંહ

INS વિક્રાંતની મુલાકાત લેતી વખતે સંરક્ષણ પ્રધાને પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, હાફીઝ સૈયદ અને અઝહર મસૂદ ભારતને સોપો પછી જ વાતચીત કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે, આજે શુક્રવારે ગોવામાં INS વિક્રાંતની મુલાકાત લીધી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું હતું કે આજે હું INS વિક્રાંત પર મારા નૌકાદળના યોદ્ધાઓની વચ્ચે હોવાનો ખૂબ આનંદ અનુભવું છું. જ્યારે હું ભારતની દરિયાઈ શક્તિના ગૌરવ INS વિક્રાંત પર ઉભો છું, ત્યારે મને ખુશીની સાથે સાથે ગર્વ અને વિશ્વાસ પણ થાય છે કે જ્યાં સુધી દેશની દરિયાઈ સરહદોની સુરક્ષા તમારા મજબૂત હાથમાં છે, ત્યાં સુધી કોઈ ભારત સામે કોઈ ઊંચી આંખ કરીને પણ જોઈ



નહીં શકે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને પાકિસ્તાનને ચેતવણી આપી કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી, તે ફક્ત મુલતવી રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ વખતે પાકિસ્તાન ભારતીય નૌકાદળની માત્ર તૈયારીઓથી જ ડરી ગયું હતું. ૧૯૭૧માં જ્યારે નૌકાદળ યુદ્ધમાં ઉતર્યું ત્યારે પાકિસ્તાન ૧ માંથી ૨ ભાગમાં વહેચાઈ ગયું. જો નૌકાદળ ઓપરેશન સિંદૂરમાં દરિયાની અંદરથી જોડાયું હોત, તો પાકિસ્તાન ફક્ત ૨ નહીં પણ ૪ ભાગમાં વહેંચાઈ ગયું હોત.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને પાકિસ્તાનને ચેતવણી આપી કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી, તે ફક્ત મુલતવી રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ વખતે પાકિસ્તાન ભારતીય નૌકાદળની માત્ર તૈયારીઓથી જ ડરી ગયું હતું. ૧૯૭૧માં જ્યારે નૌકાદળ યુદ્ધમાં ઉતર્યું ત્યારે પાકિસ્તાન ૧ માંથી ૨ ભાગમાં વહેચાઈ ગયું. જો નૌકાદળ ઓપરેશન સિંદૂરમાં દરિયાની અંદરથી જોડાયું હોત, તો પાકિસ્તાન ફક્ત ૨ નહીં પણ ૪ ભાગમાં વહેંચાઈ ગયું હોત. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય નૌકાદળે અરબ સાગરમાં માત્ર તેની હાજરીથી દરેક ભારતીયને પ્રભાવિત કર્યા છે. ભારતીય નૌકાદળ પાકિસ્તાની સેનાને બાંધવામાં સફળ રહ્યું. જરા કલ્પના કરો કે જે વ્યક્તિ મૌન રહીને પણ કોઈ દેશની સેનાને બોટલમાં બંધ રાખી શકે છે, તે બોલશે ત્યારે દ્રશ્ય કેવું હશે ? જો પાકિસ્તાન આ વખતે કોઈ નાપાક કૃત્ય કરે છે, તો શક્ય છે કે આ વખતે ઓપનિંગ આપણી નૌકાદળ દ્વારા કરવામાં આવશે. રક્ષા મંત્રીએ કહ્યું, પાકિસ્તાને સ્પષ્ટપણે સમજવાની જરૂર છે કે આઝાદી પછીથી તે જે આતંકવાદનો ખતરનાક ખેલ રમી રહ્યું છે તે હવે સમાપ્ત થઈ ગયું છે.

### પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડમાં મેજર બ્લોક

## અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે

। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડમાં એલિવેટેડ બુકિંગ ઓફિસને હટાવવા માટે ૫મી લાઈન અને યાર્ડ લાઈનો પર શનિવાર, ૩૧ મે ૨૦૨૫ ના રોજ ૧૩:૦૦ કલાકથી રવિવાર/સોમવારની મધ્યરાત્રી એટલે કે ૧/૨ જૂન, ૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાક સુધી ૩૬ કલાકનો એક મેજર બ્લૉક લેવામાં આવશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :-

શૉર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ/આંશિકરૂપે રદ થનારી ટ્રેનો :

૧. ૩૦ અને ૩૧ મે, ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે.આ ટ્રેન વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૨. ૦૧ જૂન, ૨૦૨૫ ના રોજ બોરીવલીથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી શોર્ટ ઓરિજિનેટ થશે. આ ટ્રેન બોરીવલી અને વસઈ રોડ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે કૃપા કરીને ઉપરોક્ત વ્યવસ્થાઓને ધ્યાનમાં રાખીને યાત્રા કરે.

### વાપીમાં ખખડધજ રસ્તા

# વાપી મહાનગર પાલિકાના ૬૪૦ કરોડના બજેટમાંથી રોડનું રીપેરિંગ કરવા માંગ

### કોન્ટ્રાક્ટર દ્વારા ટ્રાફિક માટે ડાયવર્ઝન અપાયુ છે, ટાંકી ફળિયાના રોડની યોગ્ય મરામત ન થતાં વાહનચાલકોને મુશ્કેલીઓ પડી રહી છે

। (એજન્સી) વલસાડ, તા.૩૦ ।

વલસાડ જિલ્લાની વાપી મહાનગર પાલિકાએ ચાલુ વર્ષે ૬૪૦ કરોડના બજેટની જાહેરાત કરી છતાં શહેરમાં વિકાસના કામોના દાવા વચ્ચે ટાંકી ફળિયા જેવા વિસ્તારો હજુ પણ પછાત સ્થિતિમાં છે. વાપી મનપાના વોર્ડ નંબર ૭માં આવેલા ટાંકી ફળિયા વિસ્તારના રસ્તાઓ પર મોટા ખાડાઓ પડ્યા છે. કમોસમી વરસાદમાં પાણી ભરાવાથી નાગરિકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વાપીમાં વિવિધ વિસ્તારોમાં વિકાસના કામો ચાલી રહ્યા છે. ત્યારે વાપી ગીતાનગર વિસ્તારમાં રેલવે સ્ટેશન નજીક મુખ્ય માર્ગ પર RCC રોડનું કામ ચાલી રહ્યું છે. કોન્ટ્રાક્ટર દ્વારા ટ્રાફિક માટે ડાયવર્ઝન



અપાયુ છે. ટાંકી ફળિયાના રોડની યોગ્ય મરામત ન થતાં વાહનચાલકો પરેશાન છે. આ માર્ગ પરથી વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને રોજિંદા મુસાફરો પસાર થાય છે. રસ્તાઓની ખરાબ સ્થિતિથી જનજીવન પ્રભાવિત થયું છે. બિસ્માર માર્ગને લઈ સ્થાનિકો રહીશો અને વાહન ચાલકોએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકા બન્યા પછી સારી સુવિધાઓની આશા હતી.પરંતુ ટાંકી ફળિયા સહિત અનેક વિસ્તારો હજુ પણ વિકાસથી વંચિત છે. કમોસમી વરસાદમાં જ રસ્તાઓ પર પાણી ભરાઈ જાય છે.મોટા ખાડાઓ અને ગટરના પાણીના ભરાવાથી પગપાળા ચાલનારા તેમજ વાહનચાલકોની સલામતી જોખમમાં મુકાઈ છે. ત્યારે ચોમાસામાં શુ પરિસ્થિતિ થશે તેની કલ્પના માત્રથી સ્થાનિક લોકોની ઊંઘ ઊડી ગઈ છે. લોકો ટાંકી ફળિયા માંથી પસાર થાય છે ત્યારે રસ્તા પર ખાડા છે કે ખાડામાં રસ્તા છે એજ તેઓને ખબર નથી પડતી વાહન ચાલકો વાહનો ક્યાં ચલાવવા એની મૂંઝવણમાં છે.વાપીના સ્થાનિકો રાહદારીઓએ માંગ કરી છે કે ૬૪૦ કરોડના બજેટમાંથી ટાંકી ફળિયા અને આવા અન્ય વિસ્તારોમાં ચોમાસા પહેલાં રસ્તાઓની મરામત કરવામાં આવે જેથી લોકોને મુશ્કેલીઓમાંથી રાહત મળે.

### માદા દેડકીને આકર્ષવા માટે નર દેડકો કલર બદલી પીળા ચળકતો રંગ ધારણ કરે છે

# આણંદમાં પીળા રંગનાં દેડકાં જોવા મળતાં લોકોમાં ભારે કુતુહલ સર્જાયું

### સામાન્ય રીતે આ પીળા રંગનાં દેડકાં ચોમાસાનાં પ્રારંભ સાથે જ નજરે પડતા હોય છે,જે સામાન્ય છે

। (એજન્સી) આણંદ, તા.૩૦ ।

આણંદ શહેરમાં ગત રાત્રિના સુમારે પોણા બે ઈંચ વરસાદ ખાબકતાં ખુલ્લા મેદાનોમાં વરસાદી પાણી ભરાવાનાં કારણે દેડકાનું ડ્રાંઉં ડ્રાંઉં શરૂ થઈ ગયું છે. આણંદ શહેરમાં ભાલેજ રોડ ઉપર ઉમરીનગર વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ભરાયેલા વરસાદી પાણીમાં પીળા ચળકતા રંગના નર દેડકા જોવા મળતા લોકોમાં અચરજ જોવા મળ્યું હતું, અને બાળકો કુતુહલ વસ પીળા દેડકાં જોવા ઉમટી પડ્યા હતા.

આણંદ શહેરમાં ઉમરીનગર વિસ્તારમાં ભરાયેલા વરસાદી પાણીમાં પીળા રંગના દેડકા જોવા મળતા લોકોમાં અચરજ જોવા મળ્યું હતું, સામાન્ય રીતે ભૂખરા રંગના દેડકાંઓ જોવા મળે છે, પરંતુ પીળા ચળકતા રંગના નર દેડકા ભાગ્યેજ જોવા મળતા હોય છે. ઉમરીનગર વિસ્તારમાં એકી સાથે ચળકતા પીળા રંગના નર દેડકા મોટી સંખ્યામાં પાણીમા જોવા મળતા કુતુહલ પુર્વક લોકોના ટોળાં એકત્ર થઈ ગયા હતા. જીવદયા પ્રેમીઓનાં કહેવા મુજબ વરસાદની સાથે જ દેડકાનો સંવનન કાળ શરૂ થતો હોવાથી નર દેડકા દેડકીને આકર્ષવા બહાર નિકળે છે.આ અંગે આણંદનાં નેચર હેલ્પ ફાઉન્ડેશનનાં પશુ-પક્ષી જીવ પ્રેમી રાહુલ સોલંકીએ જણાવ્યું હતુંકે પીળા રંગનાં દેડકાં એ દેશી દેડકાં જ છે, જે બુલળોગ તરીકે ઓળખાય છે. એ તળાવ કે અન્ય સ્થળે પાણીમાં બનાવેલી બખોલમાં રહે છે,અને વરસાદનાં પ્રારંભ સાથે બહાર આવે છે. મોટાભાગે આ દેડકાં નિશાચર હોવાનાં કારણે માત્ર રાત્રે નિકળતાં હોઈ દિવસે નજરે પડતા નથી પરંતુ ચોમાસામાં વરસાદનાં પ્રારંભ સાથે દેડકાઓનો પ્રજનનકાળ શરૂ થતો હોય છે,એટલે આ દેડકાં બહાર આવતા હોય છે અને પોતાનાં મોઢામાં આવેલા ભુરા રંગનાં બે ફુગ્ગાઓમાં હવા ભરીને અવાજ કરે છે. જેનાંથી માદા આકર્ષાય છે. સામાન્ય રીતે આ પીળા રંગનાં દેડકાં ચોમાસાનાં પ્રારંભ સાથે જ નજરે પડતા હોય છે,જે સામાન્ય છે. માદા દેડકીને આકર્ષવા માટે નર દેડકો કલર બદલી પીળા ચળકતો રંગ ધારણ કરે છે.

## બોટાદ જિલ્લાનાં ગામોને પ્લાસ્ટિક મુકત બનાવવાં માટે ખાસ ઝુંબેશ શરૂ કરાઈ

। (એજન્સી) બોટાદ, તા.૩૦ ।

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાનાં વિવિધ તાલુકાઓના ગ્રામીણ વિસ્તારમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી થઈ રહી છે. જેમાં ગામોને પ્લાસ્ટિક મુકત બનાવવાં માટે ખાસ ઝુંબેશ શરૂ કરાઈ છે. જે અંતર્ગત હવે દરેક ગ્રામ પંચાયતમાં કાપડની થેલીઓનું વિતરણ કરીને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા માટે સમજ આપવામાં આવી રહી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી. એ. પટેલની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં નિયામકના માર્ગદર્શન હેઠળ તાલુકા વિકાસ અધિકારીઓ તથા જિલ્લા અને તાલુકાનાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણની કામગીરી સંભાળતાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પ્લાસ્ટિક મુકત ભારત અભિયાન અંતર્ગત બહોળો પ્રચાર પ્રસાર કરવા અને અભિયાનને સફળ બનાવવા સૂચનો કરાયાં હતાં.

### મેરીટ લીસ્ટ જાહેર નહીં કરાતા વિદ્યાર્થીઓનું આંદોલન

# એમ. એસ. યુનિવર્સિટીમાં દર વર્ષે એડમિશનની રામાયણ

। (એજન્સી) વડોદર, તા.૩૦ ।

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક દર વર્ષે એડમિશન બાબતે રામાયણ સર્જાય છે. કેમ જણાવતા હાલમાં યુનિ. તંત્ર દ્વારા કોમર્સ ફેકલ્ટીનું મેરીટ લીસ્ટ જાહેર નહીં કરતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કરીને જ્યાં સુધી મેરીટ લીસ્ટ જાહેર નહીં કરાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા ચીમકી ઉચ્ચારી છે.ઉલ્લેખનીય છે કે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં નવા વિદ્યાર્થીઓએ એડમિશન ફોર્મ ભર્યા હતા. પરંતુ ત્યારબાદ યુનિ તંત્ર દ્વારા મેરીટ લીસ્ટ બહાર પાડવામાં આવ્યું નથી જેથી રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ યુનિ હેડ ઓફિસ ખાતે સુત્રોચાર સહિત મેરીટ લીસ્ટની માગ કરી હતી. લોબીમાં બેસીને વિદ્યાર્થીઓએ મેરીટ લિસ્ટ જાહેર નહીં કરવા બાબતે સૂત્રોચાર શરૂ કર્યો હતો. યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીમાં લિસ્ટ જાહેર કર્યા વિના એડમિશન આપ વા બાબતે યુની તંત્ર દ્વારા જણાવ્યું હતું કે, સરકારી ગાઈડલાઈન મુજબ આ પ્રથા શરૂ કરાઇ છે. જોકે આ બાબતે સરકારી પરિપત્ર બતાવવા વિદ્યાર્થીઓએ માંગ કરી ત્યારે કોઈ યોગ્ય પ્રત્યુતર અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો ન હતો. કોમર્સ ફેકલ્ટીમાં ૯૦થી ૯૫ ટકા જેટલા સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

પરંતુ એસ.ટી., એસ.સી, ઓબીસી કેટેગરીનું મેરીટ લીસ્ટ યુનિ. તંત્ર દ્વારા જાહેર કરવાની માગ વિદ્યાર્થીઓએ શરૂ કરી છે.

## ગટરોમાં લીલા રંગનું પ્રદૂષિત ઝેરી પાણી ઠાલવતા ઉદ્યોગો સામે ગ્રામજનોમાં રોષ

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

વડોદરા શહેરમાં તાજેતરમાં આવેલા વાવાઝોડા સહિતના કમોસમી વરસાદ તથા ગઈકાલે ચોમાસાના વિધિવત પ્રારંભે પડેલા વરસાદ બાદ શહેરના છેવાડે આવેલી નંદેસરી જીઆઈડીસીની ખુલ્લી ગટરોમાં કેટલાક વેપારીઓ દ્વારા કેમિકલ યુક્ત લીલા રંગનું પાણી છોડાતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે શહેરના ઉત્તર છેવાડે આવેલી નંદેસરી જીઆઈડીસીમાં કેમિકલની અનેક ફેક્ટરીઓ આવેલી છે. જ્યારે જીઆઈડીસીમાં ઠેર-ઠેર ખુલ્લી ગટરો છે. બીજી બાજુ જીઆઈડીસીની બાજુમાં જ નંદેસરીના ગ્રામજનો પરિવાર સાથે રહે છે.

### ચોમાસાની વિધિવત એન્ટ્રી

# વડોદરામાં વહેલી સવારથી ખાબકેલા વરસાદથી ગરમીમાં આંશિક રાહત

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

ઉનાળાની ત્રાહિમામ ગરમીમાં આજે વહેલી સવારે મેઘરાજાની પધરામણી થતા શહેરીજનોએ ગરમીમાં હાશકારો લીધો હતો. ભર ઉનાળામાં રાત્રિના સમયે કમોસમી ભારે વરસાદ થતાં જાણે કે મોસમના પ્રથમ વરસાદની એન્ટ્રી થઈ ગઈ હોય તેવી પરિસ્થિતિ સર્જાઇ હતી.

ઉનાળાની પ્રતિ વર્ષ કરતા ગરમીનો પારો ઉંચાઈ જતા લોકો ત્રાહિમામ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા. ભર બપોરે ઉનાળાની ગરમીમાં



કામ વિના બહાર નીકળવાનું સૌ કોઈ ટાળતા હતા. ઉપરાંત ચાતક નજરે મેઘરાજાની રાહ જોઈ રહ્યા હતા.

ગત સપ્તાહે પડેલા ગાજવીજ સાથેના કમોસમી વરસાદે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. પરંતુ આ વર્ષે ચોમાસુ વહેલું હોવાની થયેલી આગાહી મુજબ આજે વહેલી સવારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા શહેરીજનોએ ત્રાહિમામ ગરમીમાં રાહત મેળવી હતી.વરસાદને કારણે વડોદરા શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જેથી લોકોમાં આક્રોશ હતો કે પ્રિમોન્સૂનની કામગીરી યોગ્ય રીતે થઈ નથી અને વરસાદ કોર્પોરેશનની પરીક્ષા લઈ રહ્યું છે છતાં કોર્પોરેશન તેનો યોગ્ય નિકાલ લાવતું નથી જેને કારણે લોકોને આગામી ચોમાસામાં હજી વધુ હેરાન પરેશાન થતા રહેવું પડશે તેવી પરિસ્થિતિ સર્જાશે.

### કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે

# સરકારી કર્મચારીઓને PMJAY યોજના હેઠળ લાભ મેળવવા માટે આવ્યા મોટા અપડેટ

### અધિકારી-કર્મચારી-પેન્શનર્સે અને તેમના કુટુંબને લાભ અપાવવા માટે આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને PMJAY યોજના હેઠળ લાભ મેળવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી. જેમાં અધિકારી-કર્મચારી-પેન્શનર્સે અને તેમના કુટુંબને લાભ અપાવવા માટે આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ALL INDIA SERVICES (AIS)ના અધિકારીઓ, રાજ્ય સરકારના અધિકારી, કર્મચારી અને પેન્શનર્સ માટે ''ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના'' શરૂ કરવામાં આવી છે. PMJAY-મા યોજના અંતર્ગત ''ર'' કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આ તમામ કર્મીઓને મળવાપાત્ર બને છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા કર્મીઓ, પેન્શનર્સ અને તેમના કુટુંબીજનો માટેની નિયત સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

### કરોડપતિ હોવાનો દેખાવ કરીને મહીલાને વિશ્વાસમાં લીધી

# વિધવા મહિલાને મેટ્રોમોનિયલ સાઇટ પર જીવનસાથીની શોધ ભારે પડી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ઈસનપુર વિસ્તારમાં વિધવા મહિલાને મેટ્રોમોનિયલ સાઈટ પર જીવનસાથીની શોધ ભારે પડી છે. મેટ્રોમોનિયલ સાઈટ પરથી વિધવા મહિલાનો સંપર્ક એક ચીટર સાથે થઈ ગયો. અને તેણે મહીલાને આલીશાન જીંદગી જીવવાના સપના બતાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ અને દાગીના લઈને પલાયન થઈ ગયો હતો. જે બાબતની જાણ મહીલાએ પોલીસને કરતા પોલીસે ફરીયાદ નોંધીને આરોપીની ધરપકડ કરી છે. પોલીસ સકંજામાં રહેલા આ આરોપીનું નામ આર્યન પટેલ છે. પોરબંદરના આ આરોપીની ઈસનપુર પોલીસે સુરતના ભેસ્તાન ખાતેથી દુષ્કર્મ અને છેતરપિંડીના ગુનામાં ધરપકડ કરી છે.

આરોપી ઈસનપુર વિસ્તારમાં રહેતી મહીલા સાથે દુષ્કર્મ આચરીને આલીશાન જીંદગી જીવવાના સપના બતાવી ચાર લાખ રોકડા અને સોનાના દાગીના લઈને પલાયન થઈ ગયો હતો. ૨૦૨૪માં મહીલાનો સંપર્ક મેટ્રોમોનિયલ સાઈટ પરથી મુંબઈ ખાતે રહેતા આર્યન પટેલ સાથે થયો હતો. આર્યને તેની પત્નીને છૂટાછેડા આપ્યા હોવાની વાત કરીને મહિલા સાથે વાતચીત શરૂ કરી હતી. પોતે કરોડપતિ હોવાનો દેખાવ કરીને મહીલાને વિશ્વાસમાં લીધી હતી. આરોપીએ પોતે કરોડપતિ હોવાનું સાબિત કરવા માટે ગાંધીનગરમાં સાત કરોડ રૂપીયાનો વીલા બુક કરાવ્યો હતો.જેના માટે તેણે રૂપીયા ૫૦ લાખનો ચેક પણ આપ્યો હતો. જ્યારે મહિલાના બંન્ને દીકરાઓ માટે તેણે બે લક્ઝુરિયસ કાર પણ બુક કરાવી હતી.એટલું જ નહીં એક દીકરાને ટીવીએસનો શો રૂમ બનાવી આપવા માટે જગ્યા ભાડે લઈને દીકરાના નામે ભાડા કરાર પણ કરાવ્યો હતો.જો કે મહીલા સાથે દુષ્કર્મ આચરીને રૂપીયા તેમજ દાગીના પડાવ્યા બાદ ધંધાના કામે બહારગામ જવાનું હોવાનું કહીને તે પલાયન થઈ ગયો હતો. મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે સુરતના ભેસ્તાન ખાતેથી આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ પોલીસને પૂછપરછમાં જણાવ્યું હતું કે, તે મૂળ પોરબંદરના બોખીરા ગામનો વતની છે.તેના માતા પિતા સાથે સુરત ખાતે રહેતો હતો.તેના માતા પિતા વચ્ચે થયેલ ઝઘડામાં માતાએ આત્મહત્યા કરી લીધી હતી.બાદમાં તેણે પિતા સાથે કોઈ સંબંધ રાખ્યો નહતો અને મુંબઈમાં સ્થાયી થયો હતો.જ્યાં ખાનગી કોલ સેન્ટરમાં નોકરી દરમિયાન રાજસ્થાનની એક યુવતી સાથે સંપર્ક થતાં તેની સાથે લગ્ન કર્યા હતાં.લગ્નજીવન દરમિયાન તેને એક દીકરો અને દીકરી પણ હતાં. જો કે પત્ની સાથે અણબનાવ થતાં તેને છૂટાછેડા આપ્યા બાદ એકલો જ રહેતો હતો.

વર્ષ ૨૦૧૪માં આશરે અઢી કરોડની છેતરપિંડીના ગુનામાં બોરીવલી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનામાં ત્રણ વર્ષ જેલમાં રહ્યો હતો.

આરોપી વિરુદ્ધમાં વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૨માં સુરત ના ઉમરા પોલીસ સ્ટેશન ખાતે લુંટ, મારા મારી, અપહરણ અને છેતરપિંડીના બે ગુનામાં પકડાયો હતો.જેમાં લુંટ અને અપહરણના ગુનામાં ત્રણ વર્ષ સુધી જેલમાં રહ્યા બાદ વર્ષ ૨૦૨૨માં છુટ્યો હતો. જૂન ૨૦૨૪માં મેટ્રોમોનિયલ સાઈટ પરથી તે મહીલાના સંપર્કમાં આવ્યો હતો. હાલમાં પોલીસએ આરોપીની ધરપકડ કરીને તેણે આ સિવાય અન્ય કોઈ મહીલા સાથે આ રીતે છેતરપિંડી આચરી છે કે કેમ તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ મંડળથી પસાર થનારી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

। અમદાવાદ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને સમય પાલનતાને વધુ ઉત્તમ બનાવવાના ઉદ્દેશ્યથી અમદાવાદ મંડળથી પસાર થનારી કેટલીક ટ્રેનોની ગતિ વધારવામાં આવી છે, જેના ફળસ્વરૂપે આ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

૧) ટ્રેન નં. ૧૨૨૬૭ મુંબઈ-હાપા દુરન્તો એક્સપ્રેસના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૦.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો અમદાવાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૪.૫૦/૦૪.૫૫ કલાકને બદલે ૦૪.૪૫/૦૪.૫૦ કલાક રહેશે.

૨) ટ્રેન નં. ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૦.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય અમદાવાદ સ્ટેશન પર ૦૫.૦૦/૦૫.૦૫ કલાકને બદલે ૦૪.૫૫/૦૫.૦૦ કલાકે, વિરમગામ સ્ટેશન પર ૦૬.૨૩/૦૬.૨૫ કલાકને બદલે ૦૬.૧૫/૦૬.૧૭ કલાકે રહેશે.

૩) ટ્રેન નં. ૧૯૨૭૦ મુજફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૦૧.૦૬.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૦૨.૫૦/૦૨.૫૨ કલાકને બદલે ૦૨.૨૦/૦૨.૨૨ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૦૩.૪૦/૦૩.૪૨ કલાકને બદલે ૦૩.૧૫/૦૩.૧૭ કલાકે, ચાંદલોડિયા ‘બ’ સ્ટેશન પર ૦૪.૪૦/૦૪.૪૫ કલાકને બદલે ૦૪.૩૦/૦૪.૩૫ કલાકે અને વિરમગામ સ્ટેશન પર ૦૫.૪૪/૦૫.૪૬ કલાકને બદલે ૦૫.૩૨/૦૫.૩૪ કલાકે રહેશે.

૪) ટ્રેન નં. ૨૦૯૧૪ દિલ્લી સરાઈ રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૦.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૦૨.૫૦/૦૨.૫૨ કલાકને બદલે ૦૨.૨૦/૦૨.૨૨ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૦૩.૫૭/૦૩.૫૯ કલાકને બદલે ૦૩.૧૫/૦૩.૧૭ કલાકે અને વિરમગામ સ્ટેશન પર ૦૫.૦૦/૦૫.૦૨ કલાકને બદલે ૦૪.૩૦/૦૪.૩૨ કલાકે રહેશે.

૫) ટ્રેન નં. ૧૯૫૬૬ દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૦૧.૦૬.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૦૨.૫૦/૦૨.૫૨ કલાકને બદલે ૦૨.૨૦/૦૨.૨૨ કલાકે, સિદ્ધપુર સ્ટેશન પર ૦૩.૧૫/૦૩.૧૭ કલાકને બદલે ૦૨.૪૬/૦૨.૪૮ કલાકે, ઉંઝા સ્ટેશન પર ૦૩.૩૨/૦૩.૩૪ કલાકને બદલે ૦૩.૦૪/૦૩.૦૬ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૦૩.૫૭/૦૩.૫૯ કલાકને બદલે ૦૩.૨૪/૦૩.૨૬ કલાકે અને વિરમગામ સ્ટેશન પર ૦૫.૦૦/૦૫.૦૨ કલાકને બદલે ૦૪.૩૦/૦૪.૩૨ કલાકે રહેશે.


૬) ટ્રેન નં. ૨૨૯૩૨ જેસલમેર-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૧.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૦૪.૨૦/૦૪.૨૨ કલાકને બદલે ૦૪.૫૫/૦૪.૫૭ કલાકે, ઉંઝા સ્ટેશન પર ૦૫.૦૦/૦૫.૦૨ કલાકને બદલે ૦૫.૩૨/૦૫.૩૪ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૦૫.૨૮/૦૫.૩૦ કલાકને બદલે ૦૫.૫૨/૦૫.૫૪ કલાકે અને કલોલ સ્ટેશન પર ૦૬.૦૩/૦૬.૦૫ કલાકને બદલે ૦૬.૨૬/૦૬.૨૮ કલાકે, સાબરમતી સ્ટેશન પર ૦૬.૩૪/૦૬.૩૬ કલાકને બદલે ૦૬.૪૭/૦૬.૪૯ કલાકે રહેશે.

૭) ટ્રેન નં. ૨૦૯૮૪ દિલ્લી સરાઈ રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૧.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૦૪.૪૫/૦૪.૪૭ કલાકને બદલે ૦૪.૦૫/૦૪.૧૦ કલાકે, ભીલડી સ્ટેશન પર ૦૫.૨૫/૦૫.૨૭ કલાકને બદલે ૦૪.૫૦/૦૪.૫૨ કલાકે, ભાભર સ્ટેશન પર ૦૫.૫૯/૦૬.૦૧ કલાકને બદલે ૦૫.૨૪/૦૫.૨૬ કલાકે, ભચાઉ સ્ટેશન પર ૦૮.૩૨/૦૮.૩૪ કલાકને બદલે ૦૭.૫૯/૦૮.૦૧ કલાકે, ગાંધીધામ સ્ટેશન પર ૦૯.૩૦/૦૯.૪૫ કલાકને બદલે ૦૯.૦૫/૦૯.૨૦ કલાકે, અંજાર સ્ટેશન પર ૧૦.૧૦/૧૦.૧૨ કલાકને બદલે ૦૯.૪૫/૦૯.૪૭ કલાકે રહેશે તથા ભુજ સ્ટેશન પર આગમન ૧૧.૩૦ કલાકને બદલે ૧૧.૦૫ કલાકે રહેશે.

૮) ટ્રેન નં. ૧૯૦૨૭ બાન્દ્રા ટર્મિનસ-જમ્મૂ તવી એક્સપ્રેસ ના કેટલાક સ્ટેશનોના આગમન/પ્રસ્થાન સમયમાં ૩૧.૦૫.૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ફેરફાર કરવામાં આવ્યા છે. આ ટ્રેનનો આગમન/પ્રસ્થાનનો સમય મહેસાણા સ્ટેશન પર ૨૦.૪૦/૨૦.૪૨ કલાકને બદલે ૨૦.૧૬/૨૦.૧૮ કલાકે તથા પાલનપુર સ્ટેશન પર ૨૨.૧૮/૨૨.૨૦ કલાકને બદલે ૨૨.૦૫/૨૨.૧૦ કલાકે રહેશે.

ટ્રેનોના રોકાણ, આગમન/પ્રસ્થાન સમય સહિત અન્ય અદ્યતન માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ થાઈલેન્ડના રાજદૂત ચવનાર્ટ થંગસુમફન્ટ પાસેથી ઓળખપત્ર મેળવતા નજરે પડે છે.

### સુપ્રીમ કોર્ટનો નિર્ણય

# હવે NEET PG 2025ની પરીક્ષા એક જ શિફ્ટમાં લેવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

NEET PG 2025 ની પરીક્ષા દેશભરમાં નક્કી કરાયેલા વિવિધ કેન્દ્રો પર એક જ શિફ્ટમાં લેવામાં આવશે. બે શિફ્ટમાં પરીક્ષા લેવાને પડકારતી અરજીની સુનાવણી કરતી વખતે, આજે, ૩૦ મેના રોજ, સુપ્રીમ કોર્ટે એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાનો ચુકાદો આપ્યો. પરીક્ષા ૧૫ જૂને CBT મોડમાં લેવામાં આવશે. અગાઉ, બે શિફ્ટમાં પરીક્ષા લેવાનું સમય પત્રક જાહેર કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે શુક્રવારે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડને NEET PG 2025 ની પરીક્ષા બે શિફ્ટમાં નહીં, પરંતુ એક જ શિફ્ટમાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે NBE ને પારદર્શિતા સુનિશ્ચિત કરતી વખતે એક જ શિફ્ટમાં પરીક્ષા લેવા માટે વ્યવસ્થા કરવા નિર્દેશ



આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે ૧૫ જૂને યોજાનારી પરીક્ષા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે હજુ પણ સમય બાકી છે. અરજીની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સંસ્થા પાસે કેન્દ્રો ઓળખવા માટે હજુ પણ પૂરતો સમય છે. બીજા રાહત દાવા સંબંધિત મુદ્દા પર પરીક્ષા પૂર્ણ થયા પછી વિચારણા કરવામાં આવશે. પ્રતિવાદીઓ વતી બીજી દલીલ એ છે કે જો પરીક્ષા સંસ્થા વધુ કેન્દ્રો ઓળખવા માટે સંદર્ભ આપે તો પણ તેને વધુ સમયની જરૂર પડી શકે છે. જેના પરિણામે પરીક્ષા લેવામાં વિલંબ થઈ શકે છે અને પરિણામી કાઉન્સેલિંગ અને પ્રવેશ વગેરેમાં વિલંબ થઈ શકે છે, જે આ કોર્ટ દ્વારા નિર્ધારિત સમયમર્યાદા અનુસાર નહીં હોય. કોર્ટે કહ્યું કે આ દલીલ પણ ફગાવી દેવામાં આવે છે. NEET PG પરીક્ષામાં બેસનારા ઉમેદવારો માટે પરીક્ષા સિટી સ્લિપ ૨ જૂનના રોજ બહાર પાડવામાં આવશે. સિટી સ્લિપ સત્તાવાર વેબસાઈટ પર બહાર પાડવામાં આવશે નહીં. નેશનલ બોર્ડ ઓફ મેડિકલ એક્ઝામિનેશન ઉમેદવારોના રજિસ્ટર્ડ ઈમેઈલ આઈડી પર સિટી સ્લિપ મોકલશે, જેને ઉમેદવારો ડાઉનલોડ કરી શકશે. પ્રવેશ કાર્ડ પરીક્ષાની તારીખના લગભગ ચાર દિવસ પહેલા બહાર પાડવામાં આવશે. પ્રવેશ કાર્ડ પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ natboard.edu.in પર બહાર પાડવામાં આવશે.

### રાહુલ ગાંધી PM હોત તો PoK પાછું લઈ લીધું હોત...

# તેલંગાણાના મુખ્યમંત્રીના નિવેદનોથી રાજકીય ગરમાવો

### રેવંત રેડ્ડીએ પાકિસ્તાન સાથેના સંઘર્ષ બાદ કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલી વાહવાહી પર કેટલાક સવાલો ઉઠાવ્યા

। (એજન્સી) હૈદરાબાદ, તા.૩૦ ।

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પાકિસ્તાન સાથેના સંઘર્ષ બાદ કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલી વાહવાહી પર કેટલાક સવાલો ઉઠાવ્યા છે. તેમણે હૈદરાબાદમાં જય હિંદ યાત્રા પહેલાં એક જનસભાને સંબોધિત કરતાં ભાજપ પર આરોપ મૂક્યો હતો કે, 'ભાજપ પાકિસ્તાન સાથેના સંઘર્ષનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. આ સંઘર્ષમાં પારદર્શકતા પણ નથી. ચાર દિવસના સંઘર્ષ પછી શું થયું, કોણે આત્મસમર્પણ કર્યું એ વિશે આપણે કંઈ જાણતા નથી.' રેવંત રેડ્ડીએ યુદ્ધ વિરામના નિર્ણય પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક ન બોલાવવા બદલ પણ વડાપ્રધાન પર પ્રહાર કર્યા હતાં. તેમણે કહ્યું કે, સંઘર્ષ શરૂ કરતાં પહેલાં તમે સર્વપક્ષીય



બેઠક બોલાવી, જ્યારે તમને અમારી જરૂર હતી, ત્યારે તમે અમને બોલાવ્યા, અમે સેના સાથે જ છીએ, પરંતુ સંઘર્ષ સમાપ્ત થતાં અમને સામેલ ન કર્યા. પાકિસ્તાને કેટલા રાફેલ નષ્ટ કર્યા, તેના વિશે કોઈ કઈ બોલી રહ્યું નથી. નાગરિકો અને રાજકીય પક્ષોની વારંવાર દરખાસ્ત છતાં કેન્દ્ર સરકાર POKને પાછું મેળવવામાં નિષ્ફળ રહી. આ દરમિયાન રેડ્ડીએ રાહુલ ગાંધીના વખાણ કરતાં કહ્યું કે, જો રાહુલ ગાંધી વડાપ્રધાન હોત તો તેઓ POK પાછું લઈને આવતાં. મોદી પ્રતિબંધિત ૧૦૦૦ રૂપિયાની નોટ જેવા છે. આપણને રાહુલ ગાંધી જેવા નેતાની જરૂર છે. મોદી આપણા માટે ક્યારેય યુદ્ધ જીતશે નહીં. માત્ર રાહુલ ગાંધી જ PM સ્વરૂપે યુદ્ધ લડી શકે છે. કોંગ્રેસે રાષ્ટ્ર સુરક્ષાના હિતમાં પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. વધુમાં તિરંગા રેલી પર પણ સવાલ ઉઠાવતાં રેડ્ડીએ કટાક્ષ કર્યો કે, શું ભાજપ દ્વારા યોજાઈ રહેલી તિરંગા રેલીઓ વાસ્તવમાં પહલગામ હુમલાના પીડિતો અને યુદ્ધમાં શહીદ સૈનિકોની યાદમાં યોજાઈ રહી છે? મોદી સરકારની પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નેતૃત્વની સાથે તુલના કરતાં રેડ્ડીએ કહ્યું કે, યુદ્ધ માત્ર ભાષણ આપવા માટે નથી. તે સાહસ, સંકલ્પ અને વ્યૂહનીતિ વિશે છે. ૧૯૭૧ના યુદ્ધમાં જ્યારે અમેરિકા પાકિસ્તાનને સમર્થન આપી રહ્યું હતું, ત્યારે ઈન્દિરા ગાંધી પોતાના નિર્ણયો પર અડગ રહ્યા અને ભારતે ૧૯૭૧નું યુદ્ધ જીત્યું. આ યુદ્ધમાં માત્ર વિજય જ નહીં, પણ તેમણે પાકિસ્તાનના ભાગલાં પાડી બાંગ્લાદેશનું નિર્માણ કર્યું હતું. પરંતુ આજે ચીને આપણી ૪૦૦૦ વર્ગ કિમી જમીન પર કબજો કરી લીધો છે. સૂર્યપેટના આપણા જવાન કર્નલ સુરેશ બાબૂ શહીદ થયા છે અને આપણા વડાપ્રધાન આ મામલે મૌન ધારણ કરીને બેઠા છે. ભાજપ સરકાર પર પ્રહાર કરતા રેડ્ડીએ કહ્યું કે, યુદ્ધનો મુદ્દો કોઈ એક પક્ષનો અંગત મામલો નથી. તે દેશ અને તેના દેશવાસીઓનો છે. જય હિંદ યાત્રા સશસ્ત્ર દળોની એકતા દર્શાવે છે. તેમનું મનોબળ મોદી સરકારની કાર્યવાહીઓના કારણે તૂટ્યું છે.

# પાકિસ્તાનના બબ્બર, હિંદુસ્તાનના ગબ્બર છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા પાકિસ્તાન-ભારત સંઘર્ષ મુદ્દે ભાજપ અને વડાપ્રધાન મોદી પર કરાયેલા આકરા પ્રહારોનો ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ આપ્યો છે. દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી સંબિત પાત્રાએ ઓપરેશન સિંદૂર મામલે કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓ દ્વારા ઉઠાવેલા સવાલોનો આકરો જવાબ આપતાં તેમને 'પુરાવા ગેંગ' તરીકે સંબોધિત કર્યા છે. તેમજ કોંગ્રેસ ઓપરેશન સિંદૂરથી ખુશ ન હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. સંબિત પાત્રાએ કહ્યું કે, અમેરિકામાં એક મોટા મિલિટ્રી એક્સપર્ટ છે- જ્હોન સ્પેન્સર. તેમણે પુરાવા અને તથ્યો સાથેનો એક આર્ટિકલ લખ્યો છે. તેમાં સ્પેન્સર લખે છે કે, કેવી રીતે ભારતમાં બનેલી ટેક્નોલોજીના માધ્યમથી ભારતે કેવી રીતે આતંકવાદ પર જીત હાંસલ કરી છે, અને પાકિસ્તાનના ચીન નિર્મિત હથિયારો તોડી પાડ્યા. આ આર્ટિકલ તમામે વાંચવો જોઈએ. અને આ મુદ્દે ગર્વ લેવો જોઈએ. જ્હોન સ્પેન્સર જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં દરેક દેશમાં આજે ભારત માટે સકારાત્મક વિચાર સર્જાયો છે. દેશની સેનાને દરેક સલામી આપી રહ્યા છે, પરંતુ મને દુઃખ થાય છે કે, ખાસ કરીને કોંગ્રેસ જેવા પક્ષોએ શરૂઆતમાં કહ્યું કે, અમે દેશ અને સરકાર સાથે ઊભા છીએ, પરંતુ પહેલાં દિવસથી રાહુલ ગાંધી, જયરામ રમેશ અને હવે રેવંત રેડ્ડી જેવા નેતાઓ ભારતીય સેનાના શોર્ય સામે સવાલો ઉઠાવી રહ્યા છે. ભારતીય સેનાની બહાદૂરીથી આ પુરાવા ગેંગ ખુશ નથી.

# પાક.ના ૫૦ શહેરોમાં હાફિઝે આતંકવાદી રેલીઓ કઢાવી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩૦ ।

મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના પ્રતિબંધિત જમાત-ઉદ-દાવા (JuD) ના રાજકીય પક્ષ, પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (PMML) એ પાકિસ્તાની સેનાને ટેકો આપવા માટે ૫૦ થી વધુ શહેરોમાં રેલીઓનું આયોજન કર્યું હતું. PMML બેઠકો ફેડરલ, પંજાબ અને સિંધ સરકારોના આશ્રય હેઠળ યોજાઈ હતી. મોટાભાગની રેલીઓ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં યોજાઈ હતી. PMML ના પ્રમુખ ખાલિદ મસૂદ સિંધુએ એક રેલીમાં કહ્યું, "યુમ-એ-તકબીર (૨૮ મે) ના દિવસે, આખો દેશ પાકિસ્તાની સશસ્ત્ર દળો સાથે ઉભો છે, કારણ કે ૨૭ વર્ષ પહેલા આ દિવસે (૧૯૯૮ માં) પાકિસ્તાન પરમાણુ શક્તિ બન્યું હતું." PMML રેલીઓનું આયોજન કરવામાં આવેલા મુખ્ય શહેરોમાં ઈસ્લામાબાદ, લાહોર, કરાચી અને પેશાવરનો સમાવેશ થાય છે. લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર સૈફુલ્લાહ કસુરી પણ ભારત વિરોધી રેલીઓમાં જોડાયો હતો. કસૂરીએ પહેલગામ આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ છે. તેમણે રેલીમાં કહ્યું, "પહલગામ હુમલા માટે મને દોષિત ઠેરવવામાં આવી રહ્યો છે, હવે મારું નામ આખી દુનિયામાં પ્રખ્યાત થઈ ગયું છે." કસૂરી લાંબા સમયથી ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે. તે લશ્કરના મહત્ત્વપૂર્ણ સભ્યોમાંનો એક છે. હાફિઝ સઈદના પુત્ર તલ્હા સઈદે પણ તાજેતરની રેલીમાં ભાગ લીધો હતો. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા. પાકિસ્તાનના આ ષડયંત્ર પછી, ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા યોગ્ય જવાબ આપ્યો. ઘણા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જોકે, પાકિસ્તાન હજુ પણ સુધરવાનો ડોળ કરી રહ્યું છે.

### મહિલા ડોકટરે કેસ દાખલ કરાવડાવ્યો

# જમ્મુ અને કાશ્મીર AAP ચીફ મહેરાજ મલિકની વિરુદ્ધ FIR

। (એજન્સી) જમ્મુ, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરના એકમાત્ર AAP ધારાસભ્ય અને રાજ્યમાં પાર્ટીના વડા મેહરાજ મલિક વિરુદ્ધ પોલીસે FIR નોંધી છે. તેમના પર મહિલા ડોક્ટરનું અપમાન કરવાનો અને ધમકી આપવાનો આરોપ છે. આ વખતે વિધાનસભા ચૂંટણીમાં મેહરાજ મલિક ડોડા બેઠક પરથી જીત્યા હતા. ફરિયાદ કરનાર મહિલા મેડિકલ કોલેજની એસોસિયેટ પ્રોફેસર છે. તેમનો આરોપ છે કે ધારાસભ્યએ તેમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ધમકી આપી હતી અને અપમાનજનક શબ્દો લખ્યા હતા. તેમની સામે BNSની કલમ ૩૫૬ (૨), ૩૫૧ (૨) અને ૭૯ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ડોક્ટરે ડોડા પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય વિરુદ્ધ ફરિયાદ કરી હતી. તેમણે ફરિયાદમાં એમ પણ કહ્યું હતું કે હોસ્પિટલની સુરક્ષા



ધારાસભ્યથી જોખમમાં છે. ઉલ્લેખનીય છે કે આ વિધાનસભા ચૂંટણીમાં મેહરાજ મલિકે ડોડા બેઠક પરથી ભાજપના ઉમેદવારને ૪૫૦૦ મતોથી હરાવ્યા હતા. મેહરાજ મલિક ધારાસભ્ય બનતા પહેલા જિલ્લા વિકાસ પરિષદના સભ્ય હતા. ૨૦૨૧માં તેમણે ઢ્ઢઝ ચૂંટણી જીતી હતી. તેમને ડોડા વિધાનસભા બેઠક પર લોકપ્રિય નેતા માનવામાં આવે છે. ૨૦૨૨ માં, મેહરાજ મલિકે ડોડામાં એક મોટી રેલી યોજી હતી. ચૂંટણી સોગંદનામા મુજબ, તેમની પાસે ફક્ત ૨૯ હજાર રૂપિયાની સંપત્તિ છે.

### સક્રિય કેસોની સંખ્યા ૧૨૦૦ને વટાવી ગઈ

# દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસની ઝડપ વધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોના જે ગતિથી ફેલાઈ રહ્યો છે તે જોઈને સામાન્ય લોકો તેમજ વહીવટીતંત્રની ચિંતા વધવા લાગી છે. હાલમાં, દેશભરમાં સક્રિય કેસોની સંખ્યા ૧૨૦૦ ને વટાવી ગઈ છે, જ્યારે અત્યાર સુધીમાં તેની પકડને કારણે ૧૨ લોકોના મોત થયા છે. કેરળથી મહારાષ્ટ્ર સુધી પોઝિટિવ કેસની સંખ્યા સતત વધી રહી છે. તે જ સમયે, મધ્યપ્રદેશ અને યુપીમાં પણ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. દિલ્હી સહિત ઘણા રાજ્યોની હોસ્પિટલોના ઓપીડીમાં ચેકઅપ માટે આવતા દર્દીઓની સંખ્યા જોઈને કોરોનાના કેસ કેટલી ઝડપથી વધી રહ્યા છે તેનો અંદાજ લગાવી શકાય છે. નિષ્ણાતો કહે છે કે હાલમાં સામે આવતા મોટાભાગના કેસોમાં હળવા



લક્ષણો છે, પરંતુ ચેપની ગતિ ચિંતાનો વિષય છે. તે સ્પષ્ટ છે કે પરિસ્થિતિ પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની ગઈ છે. દેશમાં મોટાભાગના કોવિડ કેસ ઓમિક્રોનના પેટા પ્રકારો જેમ કે JN.1, NB.1.8.1 અને LF.7 સાથે સંબંધિત છે. આ પ્રકારો ઝડપથી ફેલાય છે, પરંતુ ખૂબ ખતરનાક નથી. તેમના લક્ષણો પણ હળવા છે. ખાસ કરીને ડાયાબિટીસ, શ્વસન રોગોના દર્દીઓ, વૃદ્ધો અને નાના બાળકોએ વધુ સાવધ રહેવાની જરૂર છે. આરોગ્ય વિભાગ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### કોર્ટે ૫૦-૫૦ હજારનો દંડ ફટકાર્યો

# અંકિતા ભંડારીની હત્યાના ત્રણેય દોષિતોને જન્મટીપ

। (એજન્સી) દેહરાદુન, તા.૩૦ ।

એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટે આજે ઉત્તરાખંડના બહુચર્ચિત અંકિતા ભંડારી હત્યા કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. આ હત્યા કેસમાં કોર્ટે પુલકિત આર્ય, સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને દોષિત ઠેરવ્યા છે. ત્રણેયને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. પુલકિત આર્ય તત્કાલીન ભાજપ નેતા વિનોદ આર્યના પુત્ર છે. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ ભાજપે વિનોદ આર્યને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. અંકિતા ભંડારી હત્યા કેસમાં પુલકિત આર્યને આઈપીસીની વિવિધ કલમો હેઠળ આજીવન કેદ અને દંડની સજા ફટકારવામાં આવી હતી. તેના સહ-આરોપી સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને પણ આજીવન કેદ અને દંડની સજા ફટકારવામાં આવી હતી. પીડિત પરિવારને ૪ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે. કોર્ટે પુલકિત આર્યને કેસ ક્રાઈમ નંબર ૧/૨૨માં IPCની કલમ ૩૦૨/૨૦૧/૩૫૪છ અને અનૈતિક વ્યાપાર નિવારણ અધિનિયમની કલમ 3(1)d હેઠળ દોષિત ઠેરવ્યો છે અને ITPA અધિનિયમની કલમ ૩૦૨, ૨૦૧, 354A અને 3(1)d હેઠળ સજા ફટકારી છે. આ જ કેસમાં તેના સહ-આરોપી સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને આઈપીસીની કલમ ૩૦૨, ૨૦૧ અને આઈટીપીએ એક્ટની કલમ 3(1)d હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે અને સજા ફટકારવામાં આવી છે. હવે આ ત્રણેય પોતાનું જીવન જેલના સળિયા પાછળ વિતાવશે. હત્યાકાંડની ગૂંજ દિલ્હી સુધી પહોંચી હતી. અંકિતા ભંડારી હત્યા કેસ સામે આવ્યા બાદ ઉત્તરાખંડથી દિલ્હી સુધી હંગામો મચી ગયો હતો. આખા દેશની નજર આ કેસ પર ટકેલી હતી. આ મામલાની તપાસ માટે સરકારે SITની રચના કરી હતી. જે પછી આ કેસમાં સુનાવણી બે વર્ષ અને આઠ મહિના સુધી ચાલી, જેમાં ફરિયાદ પક્ષ વતી ૯૭ લોકોને સાક્ષી બનાવવામાં આવ્યા હતા, પરંતુ માત્ર ૪૭ મહત્વપૂર્ણ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે આજે આ ફેંસલો આપ્યો છે. આ કેસમાં SITએ ૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં ફરિયાદ પક્ષે હોટલ વનતારાના માલિક પુલકિત આર્ય અને ત્યાં કામ કરતા સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને આરોપી બનાવ્યા હતા. પૌડી જિલ્લાના યમકેશ્વરની રહેવાસી ૧૯ વર્ષીય અંકિતા વનતારા રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ, અંકિતા અહીંથી ગાયબ થઈ ગઈ.



પૂંછમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન સિંદૂર પછી જમ્મુ અને કાશ્મીરમાં નાગરિક વિસ્તારો પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં માર્યા ગયેલા પીડિતના પરિવારના સભ્યને મળ્યા.

# પીએમ મોદીને મારી નાખવાની ધમકી આપનાર વ્યક્તિની ભાગલપુરથી ધરપકડ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વોટ્સએપ મેસેજ મોકલીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર યુવકની ભાગલપુરના સુલતાનગંજથી ધરપકડ કરવામાં આવી છે. ગુરુવારે સાંજે ધરપકડ કરાયેલો યુવક સમીર રંજન છે, જે સુલતાનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના મહેશી ગામના કુમાર શરદ રંજનનો ૩૫ વર્ષીય પુત્ર છે.ગુપ્તચર અધિકારીઓ પાસેથી માહિતી મળતાં, ભાગલપુરના એસએસપી હૃદય કાંતે તાત્કાલિક ડીએસપી ચંદ્રભૂષણ, ઈન્સ્પેક્ટર સુલતાનગંજ મૃત્યુંજય કુમાર અને ટેકનિકલ સેલના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર રણજીત કુમારને તૈનાત કર્યા. ચાર કલાકની મહેનત પછી, ધમકી આપનાર વ્યક્તિ સમીરની ધરપકડ કરવામાં આવી. જ્યારે SSP એ સમીર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ધમકી આપવા માટે ઉપયોગમાં લેવાયેલ નંબર ટેકનિકલ સેલ દ્વારા ચકાસ્યો, ત્યારે તે ૭૧ વર્ષીય મન્ટુ ચૌધરીના નામે હોવાનું બહાર આવ્યું. ત્યારબાદ ટેકનિકલ સેલ આખરે થોડી પૂછપરછ કર્યા પછી સમીર રંજન પાસે પહોંચી. ધરપકડ થાય ત્યાં સુધી એસએસપી પોતે દેખરેખ રાખતા રહ્યા. આરોપી સમીરની ધરપકડ કરવામાં આવી છે અને તેને સુલતાનગંજ પોલીસ સ્ટેશનમાં કડક સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યો છે.

## તંત્રી લેખ...

# શશી થરૂરે કોલંબિયાને રોકડું પરખાવી દીધું


કોંગ્રેસ સાંસદ શશી થરૂર હાલ કોલંબિયાની રાજધાની બોગોટામાં છે. તેઓ આતંકવાદના વિરોધમાં ભારતના સફળ ઓપરેશન સિંદૂરની જાણકારી આપવા માટે બનાવેલા એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરે છે. તેમણે બોટોગામાં પાકિસ્તાનના આતંકના ચહેરાને ઉજાગર કરતા કહ્યુ કે, અમને બરાબર ખબર છે કે, પાકિસ્તાનમાં ૮૧ ટકા ડિફેન્સ સાધનો ચીનથી આવે છે. ડિફેન્સ એક ખૂબ જ ઉદાર શબ્દ છે. પરંતુ, હકીકતમાં આ પાકિસ્તાનના સંરક્ષણ અને સૈન્ય ઉપકરણ નથી. તેમાંથી મોટાભાગનો ઉપયોગ તે સંરક્ષણ માટે નહીં પરંતુ, હુમલા માટે કરે છે. પાકિસ્તાનમાં ચીનનો સૌથી મોટો પ્રોજેક્ટ બેલ્ટ એન્ડ ઈનિશિએટિવ છે, જે ચીનને દક્ષિણ પશ્ચિમ પાકિસ્તાનના બંદર સાથે જોડે છે. અહીંથી સામાનને ખૂબ જ ઝડપથી અને સસ્તી રીતે ચીન સુધી પહોંચાડવામાં આવી શકે છે, જેની અમને જાણકારી છે. અમારી લડાઈ હંમેશાથી ફક્ત આંતક વધારનારા સામે છે. થરૂરે કહ્યું કે, અમે કોલંબિયા સરકારની પ્રતિક્રિયાથી થોડા નિરાશ છીએ. મને લાગે છે કે, કદાચ સ્થિતને સંપૂર્ણ રીતે સમજવામાં નથી આવી, જ્યારે કોલંબિયાએ પાકિસ્તાનમાં આતંકી ઠેકાણા પર ભારતના હુમલામાં મોતને ભેટેલા લોકો પ્રતિ સંવેદના વ્યક્ત કરી છે. અમે અહીં ફક્ત પરિસ્થિતિને સમજાવવા માટે આવ્યા છીએ, જે અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારત એવો દેશ છે જે હકીકતમાં વિશ્વમાં રચનાત્મક પ્રગતિની શક્તિ રહ્યો છે. અમે આશા રાખીએ છીએ કે, દુનિયાભરની સરકાર આતંકવાદીઓને સુરક્ષિત ઠેકાણા પૂરા પાડનારી અને તેમને સંરક્ષણ આપનારી સરકારને આ બંધ કરવા જણાવશે. પહલગામ હુમલા વિશે વાત કરતા થરૂરે કહ્યું કે, હું પહેલા જ કહી ચુક્યો છું કે, અમારી પાસે પુખ્તા પુરાવા છે. જ્યારે પહલગામમાં આતંકી હુમલો થયો, તો તેની જવાબદારી ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ નામના એક આતંકી સંગઠને લીધી હતી. આ સંગઠન પાકિસ્તાનના મુરિદકેમાં લશ્કર-એ-તૈયબાનું જ એક એકમ છે. અમે કોલંબિયામાં અમારા મિત્રોને કહીશું કે, આતંકવાદીઓને મોકલનાર અને તેમના વિરોધ કરનાર વચ્ચે સમાનતા ન હોય શકે.

## પ્રધાનમંત્રી મોદીએ બિહારના કારાકાટમાં રૂ.૪૮,૫૨૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના કારાકાટ ખાતે રૂ. ૪૮,૨૫૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. સભાને સંબોધતા તેમણે કહ્યું કે આ પવિત્ર ભૂમિ પર બિહારના વિકાસને આગળ ધપાવવાનો તેમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને રૂ. ૪૮,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ તેમને આશીર્વાદ આપવા આવેલા વિશાળ જનમેદનીનો આભાર માન્યો અને બિહાર પ્રત્યેના તેમના પ્રેમ અને સ્નેહ માટે ઊંડો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે તે વાત પર ભાર મૂક્યો કે તેઓ હંમેશા તેમનો સર્વોચ્ચ આદર રાખે છે. તેમણે બિહારની માતાઓ અને બહેનો પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સાસારામના મહત્વ પર ટિપ્પણી કરતા અને તેનું નામ પણ ભગવાન રામના વારસાને પ્રતિબિંબિત કરે છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ ભગવાન રામના વંશની ઊંડા મૂળવાળી પરંપરાઓ પર પ્રકાશ પાડ્યો અને અટલ પ્રતિબદ્ધતાના સિદ્ધાંત પર ભાર મૂક્યો - એકવાર વચન આપવામાં આવે, તો તે પૂર્ણ થવું જોઈએ. તેમણે ખાતરી આપી કે આ માર્ગદર્શક દર્શન હવે નવા ભારતની નીતિ બની ગયું છે. શ્રી મોદીએ પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાને યાદ કર્યો, જેમાં ઘણા નિર્દોષ નાગરિકોના જીવ ગયા. તેમણે કહ્યું કે આ જઘન્ય હુમલાના એક દિવસ પછી તેમણે બિહારની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્ર સમક્ષ એક ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી કે આતંકવાદના માસ્ટરમાઈન્ડ્સને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે અને તેમને એવી સજા મળશે જેની તેઓ કલ્પના પણ કરી શકતા નથી. તેમણે કહ્યુ કે આજે જ્યારે તેઓ ફરી એકવાર બિહારમાં ઉભા છે, ત્યારે તેમણે તે પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે. શ્રી મોદીએ કહ્યું, “જે લોકોએ પાકિસ્તાનમાં બેઠા આપણી બહેનોના સિંદૂરનો નાશ કર્યો, આપણા સશસ્ત્ર દળોએ તેમના ઠેકાણાઓને ખંડેરમાં ફેરવી દીધા છે. ભારતની દીકરીઓના સિંદૂરની શક્તિ પાકિસ્તાન તેમજ સમગ્ર વિશ્વએ જોઈ છે.” તેમણે કહ્યું કે જે આતંકવાદીઓ એક સમયે પાકિસ્તાની સેનાના રક્ષણ હેઠળ સુરક્ષિત અનુભવતા હતા, તેમને ભારતીય સેનાએ એક જ નિર્ણાયક કાર્યવાહીમાં ઘૂંટણિયે પાડી દીધા છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાનના એરબેઝ અને લશ્કરી સ્થાપનો મિનિટોમાં નાશ પામ્યા હતા. તેમણે કહ્યુ “આ નવું ભારત છે - એક એવું ભારત જેમાં અપાર તાકાત અને સ્થિતિસ્થાપકતા છે.” પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બિહાર વીર કુંવર સિંહની ભૂમિ છે, જે તેના બહાદુરી માટે જાણીતા છે. તેમણે બિહારના હજારો યુવાનોના યોગદાન પર પ્રકાશ પાડ્યો જેમણે ભારતીય સશસ્ત્ર દળો અને સરહદ સુરક્ષા દળ (BSF)માં દેશની રક્ષા માટે સેવા આપી છે. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન BSF દ્વારા દર્શાવવામાં આવેલી અસાધારણ બહાદુરી અને અદમ્ય હિંમત પર ભાર મૂક્યો અને કહ્યું કે વિશ્વએ તેમની અજોડ બહાદુરી જોઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતની સરહદો પર તૈનાત મ્જીહ્લ જવાનો સુરક્ષાની અતૂટ ઢાલ છે, જેમની મુખ્ય ફરજ ભારત માતાનું રક્ષણ કરવાનું છે. તેમણે BSF સબ-ઈન્સ્પેક્ટર શ્રી ઈમ્તિયાઝને પણ શ્રદ્ધાંજલિ આપી હતી, જેઓ ૧૦ મેના રોજ સરહદ પર પોતાની ફરજ બજાવતી વખતે શહીદ થયા હતા અને બિહારના બહાદુર પુત્ર પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ બિહારથી પોતાના નિવેદનનો પુનરોચ્ચાર કર્યો અને ભાર મૂક્યો કે ઓપરેશન સિંદૂરમાં ભારત દ્વારા દર્શાવવામાં આવેલી શક્તિ તેના ભાથામાંનું માત્ર એક તીર હતું. શ્રી મોદીએ કહ્યું, “ભારતની લડાઈ દેશના દરેક દુશ્મન સામે છે, પછી ભલે તે સરહદ પારથી હોય કે દેશની અંદરથી.” તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બિહારે છેલ્લા કેટલાક વર્ષોમાં હિંસક અને વિક્ષેપકારક શક્તિઓનો નાશ કેવી રીતે કર્યો છે તે જોયું છે. તેમણે સાસારામ, કૈમૂર અને આસપાસના જિલ્લાઓમાં ભૂતકાળની પરિસ્થિતિઓને યાદ કરી, ભાર મૂક્યો કે કેવી રીતે નક્સલવાદ એક સમયે આ પ્રદેશ પર પ્રભુત્વ ધરાવતો હતો અને બંદૂકોથી સજ્જ માસ્ક પહેરેલા આતંકવાદીઓનો ભય લોકો માટે સતત ખતરો હતો. શ્રી મોદીએ વધુમાં કહ્યું કે સરકારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી.

આપણે ત્યાં યજ્ઞમાં આહુતિ અપાય ત્યારે એવું બોલાય “ઈદં અગ્નેય ન મમ” એટલે કોઈપણ સેવાયજ્ઞનું પ્રથમ લક્ષણ આ મારું નથી સમાજનું છે

# યજ્ઞ પોતાના નિજી સ્વાર્થ માટે નહીં, પણ જગ મંગલ માટેની ભાવનાથી થવો જોઈએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અગ્નિના તો ઘણા અર્થ થાય, તુલસીદાસજીએ વિવેકને અને જ્ઞાનને અગ્નિ કહ્યો છે, ગીતામાં જ્ઞાનને અગ્નિ કહ્યું છે, હનુમાનજીને અગ્નિ કહ્યા છે, તુલસીદાસજી વિનય પત્રિકામાં ક્ષમાને અગ્નિ કહ્યું છે, ક્રોધથી બાળશો તો રક્તબીજની જેમ બીજા ઉભા થશે, અને ક્ષમાની આહુતિ દો એટલે બીજી વખત બેહું જ ન થાય, ક્ષમાએ અગ્નિ છે**

બીજા દિવસની માનસ સેવાયજ્ઞની શરૂઆત કરતા કહ્યું કે, હમણાં સીતામઢીમાં કથા હતી ત્યારે એક પ્રશ્ન આવ્યો હતો, કે રામ વ્યક્તિ હતા?: એનો જવાબ ત્યારે નહતો આપ્યો, પણ આજે આપું છું. રામ વ્યક્તિ હતાં, છે, અને રહેશે. રામ વ્યક્તિત્વ હતું, છે, અને રહેશે. રામ એટલે પૂરું અસ્તિત્વ હતું, છે, અને રહેશે! છતાં કોઈને વિચારવામાં તકલીફ થાય તો રામ વિશ્વમંગલનો એક વિચાર હતો! વિશ્વમંગલના વિચારનો આકાર એ રામ છે!; કારણ કે એ પહેલા કોઈએ આખા વિશ્વના મંગલ માટે આટલું વિચાર્યું નહોતું.

ઓશો વિશ્વાસનું ખંડન કરતા હતાં અને શ્રદ્ધાને મહત્વ આપતા હતા, જ્યારે મારા મતે વિશ્વાસ મહત્વનો છે.

**ભવાનીશંક્કરૌ વન્દે**
**શ્રદ્ધાવિશ્વાસરુપિણૌ.**

વિશ્વાસ મહાદેવ છે, વિશ્વાસ અંધ ન હોય એને ત્રણ ત્રણ આંખો છે, એટલું જ નહીં એને પાંચ મુક ગણીએ તો પંદર આંખ છે એ પંદર આંખવાળા ગુરુએ રાવણને વીસ આખો આપી!: અમુક વાત ઉપર તો વિશ્વાસ મૂકવો જ પડે, વિકલ્પ મૂક વિશ્વાસ. એને ભરોસે રહેવાય પંડનું ડહાપણ નો ડોળાય ..

સેવાયજ્ઞના થોડા લક્ષણો કહું. આપણે ત્યાં યજ્ઞમાં આહુતિ અપાય ત્યારે એવું બોલાય “ઈદં અગ્નેય ન મમ” એટલે કોઈપણ સેવાયજ્ઞનું પ્રથમ લક્ષણ આ મારું નથી સમાજનું છે, હું મારી મમતા અર્પણ કરી દઉં છું. બીજું સમતા, સેવાને નામે જે કંઈ થાય એ સમભાવ રાખીને થવું જોઈએ, ત્યાં કોઈપણ ભેદભાવ ચાલવો જોઈએ નહીં. અમુક સમજણ મમતા મુકવા દેતી નથી, એ સમતાની બાધક છે.

**બસ એટલી સમજ મને**
**પરવરદિગાર દે,**
**સુખ જ્યારે જ્યાં મળે ત્યાં**
**બધાના વિચાર દે.**

ઉપનિષદનું સૂત્ર તેન તયત્યેન ભુંજિથાઃ રમેશ પારેખે છોકરાઓને રમતા જોઈ એક કવિતા લખી, ભગવાનનો ભાગ! બધા છોકરાઓ રમતા ત્યારે ભગવાનનો ભાગ પણ કાઢતા! આપણાથી જેટલું થાય એટલું, ત્રેવડ હોય એટલું કાઢવાનું!; વસુદેવ કુટુંબમાંથી નિરાશાવાદ નીકળી જવો જોઈએ, એવા ગીતો અને ભજનો પણ નીકળી જવા જોઈએ, જેમ કે, કોઈ કોઈનું નથી રે.. અરે બધાં બધાનાં છે.

લંડન વાળા સચદેવભાઈએ કહે છે, ગોડ ઈઝ માય સાઈલન્ટ પાર્ટનર. વિનોબાજી એક પ્રયોગ કરેલો, ગામના બધા જ લોકો ઘડામાં દરરોજ મુઠ્ઠી મુઠ્ઠી અનાજ નાખે, અને જ્યારે ઘડો ભરાઈ જાય ત્યારે મંદિરમાં સન્માન પૂર્વક મૂકી આવે જેને જરૂર હોય એને આપવામાં આવે મંદિરમાંથી અપાયું એટલે પ્રસાદ થઈ ગયો લેનારને સંકોચ ન રહે અને દેનારને અહમ ન રહે!

સેવા યજ્ઞનું ત્રીજું સૂત્ર આપણી ક્ષમતા પ્રમાણે સેવા કરવી.. આવો કોઈ યજ્ઞ હોય, તો કોઈ પાંચ લાખ, કોઈ કરોડ, કોઈ દોઢ કરોડ આપે, પણ આપણી ક્ષમતા પ્રમાણે આપવું, તૂટી જવાની વાત નથી. કોઈપણ દાન સહજ હોવું જોઈએ એમાં દેખાદેખી નહી. સેવા યજ્ઞનું ચોથું લક્ષણ નમ્રતાપૂર્વક થવું જોઈએ, એટલે કે હસતા હસતા સેવા થવી જોઈએ, અને પ્રસાદ ના ભાવે! પ્રસાદ નો અર્થ ચિત્ત ની પ્રસન્નતા નમ્રતા નકલી ન હોવી જોઈએ આ બધી નાનકડી શરતો છે, અને આપણે એને નિભાવી શકીએ એમ પણ છીએ.



પછી યજ્ઞની વાત કરતા કહ્યું કે યજ્ઞ હોય ત્યાં પાંચ વસ્તુ હોય,(૧) યજ્ઞ હોય ત્યાં એનાં શાસ્ત્રિય માપ મુજબ યજ્ઞ કુંડ હોય. (૨) બીજું એમાં અગ્નિ પ્રગટ કરવો જોઈએ.(૩) ત્રીજું મહત્વનું અંગ છે સમિધ, યજ્ઞ કાષ્ટ (૪) ઘ્રુત એટલે કે હોમ કરવાના મંગલ દ્રવ્યો શુકન બનતા દ્રવ્યો આપણે ઘી રાખીએ છીએ. (૫) પવિત્ર જળ. આ પાંચ વસ્તુ વગર યજ્ઞ થઈ શકે નહીં. આ ઉપરાંત યજ્ઞ કરાવનાર આચાર્ય અને યજ્ઞ કરનાર યજમાન પણ જોઈએ.

હવે આ સેવા યજ્ઞની વેદિકા કઈ? અગ્નિ કયો? સમિધ ક્યાં ?ઘી કયું! અને જળ કયું? આચાર્ય કોણ? અને યજમાન કોણ? એ જોઈએ.

તલગાજરડી દ્રષ્ટિ મુજબ સેવા યજ્ઞનો યજ્ઞ કુંડ એટલે ખાલી પણું નિતાંત શૂન્યતા. જીવન પણ એક યજ્ઞ છે! આપણે યજ્ઞ કુંડ જ તૈયાર નથી કરી શક્યાં, એટલે આપણો જીવન યજ્ઞ સફળ થતો નથી. આપણામાં ખાલીપણું નથી, બહુ ભરેલું છે. એ તમામ કચરો નીકળી જાય, પછી જે ખાલીપણું છે એમાં જો હોમ કરવામાં આવે તો એશ્વર્યથી ભરાઈ જાઓ.

અગ્નિના તો ઘણા અર્થ થાય, તુલસીદાસજીએ વિવેકને અને જ્ઞાનને અગ્નિ કહ્યો છે, ગીતામાં જ્ઞાનને અગ્નિ કહ્યું છે, હનુમાનજીને અગ્નિ કહ્યા છે, તુલસીદાસજી વિનય પત્રિકામાં ક્ષમાને અગ્નિ કહ્યું છે. ક્રોધથી બાળશો તો રક્તબીજની જેમ બીજા ઉભા થશે, અને ક્ષમાની આહુતિ દો એટલે બીજી વખત બેઠું જ ન થાય, ક્ષમાએ અગ્નિ છે. સેવા યજ્ઞનો અગ્નિ મારી દ્રષ્ટિએ તીવ્રતા છે. પ્રભુ કરે અમારું લક્ષ પૂરું થાય એમાં ક્યારેય ઉદાસીનતા ના આવે રોજ નવું, એ પાવક વિચાર શુદ્ધ વિચાર, એ એ ઠંડો અને મીઠો અગ્નિ બીજાને પણ જલાવે નહીં, ઠારે એ અગ્નિ છે. ત્રીજી વસ્તુ સમિધ, તુલસીદાસજીએ સમિધની વ્યાખ્યા આપી છે સંશય સમિધ ! આપણને સંશય થવો જોઈએ નહીં! અને થાય તો એને સમિધ જેમ યજ્ઞમાં હોમી દેવા. આપણામાં બહુ શક્તિ પડી છે, પણ એને જાગૃત કરવાવાળા કોઈ મળ્યા નથી, બાકી બધામાં ખૂબ પડ્યું છે. ચોથું ઘી, આપણો સ્નેહ ભાવ ભક્તિભાવ એ ઘી છે, સેવામાં સ્નેહની સિક્તતા જોઈએ. દશરથજી તો સમર્થ અને સક્ષમ છે, એ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવે ત્યારે, એના ઘરે ઘીની ક્યાં ખોટ છે? પણ એમણે આહુતિ આપી ત્યારે ઘીની આહુતિ આપી, એવું લખ્યું નથી, તુલસીદાસજી રામાયણમાં લખ્યું છે,

**ભગતિ સહિત મુનિ**
**આહુતિ દીન્હે,**
**પ્રગટે અગિની ચરૂ**
**કર લિન્હે.**

પાંચમું પવિત્ર જળ, ગંગા યમુના તો પવિત્ર છે જ પરંતુ પ્રત્યેક નદીનું જળ પવિત્ર છે મને મારો રુપાવો પવિત્ર લાગે! બાકી હું ગંગાજળ પીનારો માણસ છું, ગંગાજળથી મારી રસોઈ બને છે, પરંતુ પરિસ્થિતિ ઊભી થાય, આ જગત છોડવાનો વખત આવે, અને ગંગાજળ ન્હોય, તો હું કહું મારી રુપાવાનું પાણી મને પીવડાવો, મારા માટે એ પવિત્ર છે. એના કરતાંય પવિત્ર જળ પરિશ્રમથી થયેલો પરસેવો, અને બીજું સંવેદના આંખમાંથી નીકળેલ આંસુ જેવું કોઈ પવિત્ર જળ હોઈ શકે નહીં. યજ્ઞનાં આચાર્યની વાત કરતા કહ્યું હમણાં હું એક વાડીએ બેઠો હતો અને થયું કે અહીંથી ભિક્ષા મળે તો, અને એ દીકરીને બે ત્રણ છોરું હતાં, છતાં એને રીંગણી માથી રીંગણાં તોડી શાક રોટલો બનાવી દીધો! અમે ત્યાંથી નીકળ્યા એ દીકરીના હાથમાં મેં હજાર રૂપિયા મૂક્યા, તો કહ્યું બાપ અમારાથી લેવાય નહીં!: અમે કેવી જાતના અને છતાં તમે રોટલા ખાવ! એ દીકરીને મારે આચાર્યા કહેવી છે. જાતિ પાતીનો પ્રશ્ન નથી!: જે જગમંગલ માટે કંઈ પણ આપશે, અને એ પણ આપ્યાના ભાવ વગર એ આચાર્યા બનશે. યજમાન જે છૂટે હાથે સમાજને આપે! પછી ભલે તે દ્રવ્ય ન્હોય, સદ વિચારોનું દાન પણ દુર્લભ છે.

**અગમ નિગમ પ્રસિદ્ધ**
**પુરાના,**
**સેવા ધરમ કઠિન**
**જગુ જાના.**

કથાના કેન્દ્રવતી વિચારની ચોપાઈ ગાઈ અને પછી ભક્તિ એટલે શું? અને ભક્તિનો રંગ લાગ્યાં પછી શું કરવું? આવાં બે ત્રણ પ્રશ્નોના ઉત્તર આપ્યા. ત્યારબાદ કથાના ક્રમમાં ગઈકાલે હનુમાનજીની વંદના કરી, પછી તુલસીદાસજીએ સીતાજીની વંદના કરી, રામજીની વંદના કરી, બંને ભિન્ન દેખાવા છતાં અભિન્ન છે. નવ દોહામાં રામ નામની વંદના કરી, કળિયુગમાં હરિનું નામ જ મુક્તિનું સાધન છે. ભગવાન રામે તો લીલા કરી છે, પરંતુ રામનું નામ જડબુદ્ધિમાં ચૈતન્ય જગાડે છે. કથાના ક્રમમાં યાજ્ઞવલ્ક પ્રયાગના કર્મઘાટ પર બેસીને શિવ ચરિત્રની કથા આગળ વધારે છે, અને એ પછી રામની કથા આવે. એમ કહી બીજા દિવસની માનસ સેવાયજ્ઞની કથાને વિરામ આપ્યો.

શિવ નિંદા કરનારને મુક્તિ મળી નથી, શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે, એને ક્યાંય શાંતિ મળતી નથી

# સ્વભાવ, લાગણી, શબ્દો વાયદાઓ અને અંતે વ્યક્તિ પણ સમય જતા બધું બદલાઈ જાય છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી, એટલે નિંદા સહન કરી, પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે એ મહાપુરુષ, એ સંત, જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે, બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે, કલહ વધારે એ વૈષ્ણવ નહીં, એટલે શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી.**

ગુજરાતમાં લગભગ તાલુકાઓમાં મે મહિનાના અંતિમ તબક્કામાં ઓચિંતો હવામાનમાં પલટો આવતાં વરસાદી માહોલ ઓછા વધતા પ્રમાણમાં જામ્યો છેત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હદય મનનો ભાર હળવો કરવા પ્રયત્ન કરીએ છીએ તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો એક દિવસ નામદેવના પિતાશ્રીને બહારગામ જવાનું થયું. નામદેવની ઉંમર તે વખતે નાની. ઘરમાં દેવ પૂજા હતી. પૂજાનું કામ નામ દેવને સોંપ્યું. બીજે દિવસે નામદેવ ઠાકોરજીને દૂધનો પ્રસાદ ભોગ ધરાવે છે.ભગવાન દૂધ પીતા નથી નામદેવ બહુ કાલા વાલા કરે છે. રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારા બાપુ મને વઢશે બધી વિનવણી વ્યર્થ ગઈ,ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ.જ્યાં નામદેવ માથું પછાડવા તૈયાર થયા,ત્યાં ભગવાન પ્રગટ થયા ભગવાને દૂધનો કટોરો લીધો અને દૂધ પીવા લાગ્યા.ત્યાં નામદેવને લાગ્યું કે, વિઠ્ઠલ તો બધું પી જવાના એટલે તે બૂમ પાડી ઊઠ્યો વિઠ્ઠલ બધું દૂધ ના પી જતો. મારા માટે રાખ. બાપુ તો મને રોજ પ્રસાદ આપે છે નામદેવના પ્રેમથી વિઠ્ઠલ નાથ ખુશ થયા. નામદેવને ગોદમાં લીધો અને દૂધ પાયું. રામજીની દરેક મર્યાદાનું હનુમાન જી ગદા મારીને પાછા કાઢે. રામજી રાજાધિરાજ છે. કનૈયો કહે છે,મારા દરબારમાં તો ગોપી બનવું પડશે. જેની અપેક્ષા બહુ ઓછી હોય છે તે અતિ ઉદાર થઈ શકે છે. એક વખતે કુબેર ભંડારી શિવજી ને પૂછે છે,હું તમારી શું સેવા કરું? ત્યારે શિવજી કહે કે,મારી જેમ નારાયણ નારાયણ કર..! પણ માતાજીએ કુબેરને કહ્યું, મારા માટે સોનાનો બંગલો બાંધ.કુબેરે સુવર્ણનો મહેલ બાંધ્યો. વાસ્તુ પૂજા કર્યા વગર તો બંગલામાં જવાય નહીં.એટલે રાવણને વાસ્તુપૂજા કરાવવા બોલાવ્યો અને રાવણે વાસ્તુપૂજા કરાવી. પછી શિવજી એ રાવણને કહ્યું, માગ માગ.માગે તે આપું!રાવણે કહ્યું,આ તમારો મહેલ મને આપી દો. માગનારને ન આપવુંએ મરણ સમાન છે. શિવજીએ બંગલો રાવણને આપી દીધો, પછી રાવણ કહે, મહારાજ, બંગલો સુંદર આપ્યો હવેઆ પાર્વતી આપો. શિવજી કહે તને જરૂર હોય તો તું લઈ જા. જગતમાં આવો દાનવીર થયો નથી રાવણ માતાજીને ખભે બેસાડી લઈ જાય છે. પાર્વતીજીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. શ્રીકૃષ્ણ ગોવાળ થઈ રસ્તામાં આવ્યા. રાવણને પૂછે છે, આ કોને લઈ જાય છે? રાવણ કહે છે, શંકર ભગવાને મને પાર્વતી દઈ દીધી છે. શ્રીકૃષ્ણ કહે,તું કેવો ભોળો છે! પાર્વતી કદી આપતા હશે? અસલ પાર્વતીને તો પાતાળમાં સંતાડી રાખી છે. આ તો તને પાર્વતીની દાસી આપી. દક્ષ કહે છે, શિવ સ્વૈરચારી છે તથા ગુણહીન છે. પ્રકૃતિના કોઈપણ ગુણ શિવજીમાં નહીં હોવાથી શિવ નિર્ગુણ બ્રહ્મ છે. વિધિનિષેધથી પર પરમાત્મા છે. શાસ્ત્રની પ્રવૃત્તિ, વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે, શિવજી માટે નથી. દક્ષ પ્રજાપતિ કહે છે,આજથી કોઈ યજ્ઞમાં બીજા દેવો શિવજીને આહુતિ(ભાગ) આપવામાં આવશે નહીં. હાસ્તો, બીજા દેવોની સરખામણીમાં શિવજીને મૂકાય જ કેમ? શિવજી તો દેવોના દેવ મહાદેવ છે.ઈતરદેવો પહેલાં શિવજીને આહુતિ આપવામાં આવશે અને યજ્ઞમાં જેટલું વધે તેટલું સમાપ્તિમાં શિવજીને આપવામાં આવશે. શંકર-પાર્વતીના લગ્ન વખતની વાત છે. લગ્ન વખતે ત્રણ પેઢીનું વર્ણન કરવાનું હોય છે. શિવજીને પૂછવામાં આવ્ય, તમારા પિતાનું નામ બતાવો. શિવજી વિચારમાં પડી ગયા મારા પિતા કોણ? મહા રુદ્ર શિવનો જન્મ નથી. નારદજીએ શિવજીને કહ્યું, બોલો ને,પિતા બ્રહ્મા! શિવ કહે, બ્રહ્મા! પછી પૂછવામાં આવે છે, દાદા કોણ તો કહે વિષ્ણુ દાદા!પછી પ્રશ્ન થયો વડ દાદા કોણ? હવે કોનું નામ દેવું? ફટ દઈને શિવજી બોલ્યા હું જ સર્વનો વડદાદો છું. શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી, એટલે નિંદા સહન કરી. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે એ મહાપુરુષ, એ સંત. જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે. બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે. કલહ વધારે એ વૈષ્ણવ નહીં. એટલે શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી. સભામાં નંદિકેશ્વર વિરજેલા હતા નંદિકેશ્વરથી આ સહન થયું નહીં. નંદિકેશ્વરે દક્ષને ત્રણ શ્રાપ આપ્યા છે. જે મુખથી શિવજીની નિંદાકરી છે, તેથી તારું માથું તૂટી પડશે તને બકરાનું માથું ચોંટાડવામાં આવશે તને કોઈ દિવસ બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થશે નહીં. શિવ નિંદા કરનારને મુક્તિ મળી નથી. શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી. પછી શિવજી કૈલાસ આવ્યા. તેમણે મનમાં કાંઈ રાખેલું નહીં. સતીને પણ કાંઈ કહ્યું નહીં. તે પછી દક્ષ પ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં યજ્ઞનો આરંભ કર્યો. કહે કે મારા યજ્ઞમાં હું વિષ્ણુની પૂજા કરીશ પણ શિવજીની નહીં કરું. દેવોએ કહ્યું કે, તારો યજ્ઞ સફળ થશે નહીં. છતાં દુરાગ્રહથીદક્ષેયજ્ઞકર્યો.જેયજ્ઞમાં શિવપૂજા નથી ત્યાં ભગવાનવિષ્ણુ પધારતા નથી. બ્રહ્મા-દધિચિ પણ યજ્ઞમાં ગયા નથી. કેટલાક દેવો કલહ જોવાની મજા પડશે એ આશાએ નીકળ્યા છે. તેમને જતા જોઈ સતીએ પૂછ્યું તો ખબર પડી કે,એ બધા એના પિતાના યજ્ઞમાં જાય છે. દક્ષે દ્વેષ બુદ્ધિથી શિવજીને આમંત્રણ આપેલું નહીં.સતી જાણતાં નથી કે મારા પતિ અને પિતા વચ્ચે અણ બનાવ છે.સતીને પિતાને ત્યાં જવાનું મન થયું. શિવજી કહે છે કે,તારા પિતાએ મને યજ્ઞનું નિમંત્રણ આપ્યું નથી અને મારું અપમાન કર્યું છે. તેથી ત્યાં જવામાં સાર નથી પણ સતી પિયર જવાની હઠ છોડતાં નથી. શિવજી કહે છે કે, ત્યાં જવાથી તમારું અપમાન થશે. તમે અપમાન સહન નહીં કરી શકોને અનર્થ થશે પણ સતીએ માન્યું નહીં તેણે વિચાર્યું કે, હું યજ્ઞમાં જઈને પિતા- પતિમાં વેર ઉત્પન્ન થયું છે તેની શાંતિ કરીશ. સતીને જવા તૈયાર થયેલાં જોઈ શિવજીએ શિવગણોને આજ્ઞા કરી કે,તમે પણ સાથે જાવ. સતી યજ્ઞ મંડપમાં આવે છે. સૌ તેને માન આપે છે. ઋષિઓ સહિત સૌ તેમને માન આપે છે તેથી તેમને સંતોષ થયો નહીં. આદ્ય શક્તિ જગદંબા આજે પિતા દક્ષને વંદન કરે છે. પિતા દક્ષ મુખ ફેરવી લે છે. સતી ફરીથી પ્રણામ કરે છે. સતીને જોતાં દક્ષને ક્રોધ થયો. નિમંત્રણ વગર આ કેમ અહીં આવી હશે?દક્ષ દક્ષ નથી પણ અદક્ષ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે મેમાં વરસાદી માહોલ સર્વત્ર જામ્યો છે કોરોના વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે આ વરસાદી માહોલમાં કાદવ કીચડ ગંદકી ભેજ ગરમી બફારામાં બાળકો વૃદ્ધોની યોગ્ય કાળજી રાખવી જરૂરી છે.અસ્તુ.

# ‘મારા નિર્ણય પર અડગ છું, હું મારા અંતરાત્માનો અવાજ સાંભળું છું’



દીપિકા પાદુકોણે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘સ્પિરિટ’માંથી વિદાય લઈ લીધી છે. પરંતુ આ નિર્ણય અંગે ઘણા વાદ-વિવાદ અને ચર્ચાઓ ચાલે છે. એક તરફ સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકાના વર્તનને અપ્રોફેશનલ ગણાવ્યું હોવાની ચર્ચા છે. તેની સામે દીપિકા આ વિવાદ અને આક્ષેપને દૂર કરવા માગતી હોય એ રીતે તેણે એક વીડિયો શેર કરીને કહ્યું છે કે તે પોતાના નિર્ણય પર અડગ છે. મંગળવારે, દીપિકાએ સ્ટોકહોમમાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે કાર્તિએરની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રેડ કાર્પેટ પર હાજર રહી હતી, જેમાં તેણે વોગ અરેબિયા સાથે વાત કરતા પોતાની જીવનની વિચારધારા અંગે વાત કરી હતી.દીપિકાએ આ વીડિયોમાં કહ્યું, ‘‘મને લાગે છે, મારા જીવનમાં જે બાબતથી સંતુલન જળવાઈ રહે છે, તે છે હંમેશા સત્યની સાથે રહેવું અને જેવી છું એવું જ રહેવું.’’ આગલ દીપિકાએ કહ્યું, ‘‘જ્યારે પણ મારે જીવનમાં કોઈ અઘરી કે જટિલ પરિસ્થિતનો સામનો કરવાનો અવ્યો છે, ત્યારે હું મારા અંતરાત્માના અવાજને સાંભળું છું અને તરત જ નિર્ણય લઉં છું, પછી એ નિર્ણય પર હું અડગ રહું છું તેથી મને શાંતિ મળે છે. તેનાથી જ જીવનમાં સતુલન જળવાઈ રહે છે.’’ આ વીડિયો પોસ્ટ થતાં તેના ફૅન્સ તેનું સંદીપ રેડ્ડી વાંગાની ટ્વીટના જવાબ તરીકે અર્થઘટન કરી રહ્યાં છે. લોકો માને છે કે આ વિડીયોમાં તેણે પોતાના નિર્ણય પર અડગ રહેવાની વાત કરીને વાંગાને જવાબ આપ્યો છે.ગયા અઠવાડિએ દીપિકાએ વાંગાની ફિલ્મ છોડી દિધી હોવાના અહેવાલ બાદ વાંગાએ દીપિકાના બદલે તૃપ્તિ ડિમરીને લેવાની જાહેરાત પણ કરી દીધી હતી. સુત્રોએ એવું પણ જણાવ્યું હતું કે દીપિકાનું વર્તન અનપ્રોફેશનલ હતું, તેણે ૨૦ કરોડ જેટલી ફી વસુલી છતાં છ કલાક જ કામ કરવાની હતી અને ફિલ્મનું શુટિંગ જો લંબાય તો ફી ઉપરાંત દિવસ દીઠ વધારે રકમ વસુલવાની હતી. જ્યારે વાંગાએ કરેલી ટ્વીટમાં તેણે દીપિકા પર ફિલ્મની સ્ટોરી લીક કરી હોવાનો અને તેની વિરુદ્ધ પીઆર ગેમ્સ રમવાનો પણ આક્ષેપ કર્યો હતો. હવે વાંગાએ દીપિકાને બદલે તૃપ્તિને લીધાં બાદ બીજી પણ એક ચર્ચા છે, દીપિકા આ ફિલ્મ માટે ૨૦ કરોડ જેવી કૅરીઅરની સૌથી વધુ ફી વસુલવાની હતી, જ્યારે તૃપ્તિ હવે માત્ર ૪ કરોડમાં જ આ ફિલ્મ કરવા તૈયાર થઈ રહી છે. તેણે પણ પોતાના સોશિયલ મીડિયા પર તે આ ફિલ્મ કરી રહી હોવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મ હાલ પ્રી પ્રોડકશનના તબક્કામાં છે.

### જાન્હવી કપૂરે તાજેતરમાં જ ૭૮મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ડેબ્યુ કર્યું

# કેન્સની રેડ કાર્પેટ પર જઇને ઘરનું ભોજન માણ્યું

જાન્હવી કપૂરે તાજેતરમાં જ ૭૮મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ડેબ્યુ કર્યું છે, તેની ફિલ્મ ‘અનબાઉન્ડ’નું સ્ક્રીનિંગ થયું હતું. રેડ કાર્પેટ પર ડેબ્યુ માટે તેણે તરુણ તાહિલાની દ્વારા ડિઝાઈન કરેલો અસલ બનારસી ટીશ્યુનો ડ્રેસ પહેર્યો હતો. હેન્ડ ક્રશ્ડ ટેક્સ્ચરનો આ ડ્રેસ સિલ્ક ઓરિગામી પ્રકારનો ડ્રેસ હતો. તેનાં આ લૂકને તેની માતા શ્રીદેવી અને ઐશ્વર્યાનાં રેટ્રો લૂક સાથે સરખાવવામાં પણ આવ્યો હતો. જ્યારે પોતાની ફિલ્મના સ્ક્રીનિંગ વખતે જાન્હવીએ અનામિકા ખન્ના કુટ્યોરનો કસ્ટમ ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે પરંપારગત ઈન્ડિયન જ્વેલરી અને જેડ એન્ડ જેડની અલગ અલગ એસેસેરીઝ પહેરી હતી. એક ઘેરદાર સીગ્રીન કલરના ગોલ્ડ બોડિસ વાળો આ બૅકલેસ ડ્રેસ પણ તેને ઘણો સુંદર લાગતો હતો.આ ઉપરાંત તેના આ ફેસ્ટિવલમાં બે ફ્રેન્ચ ફેશનના આર્કાઈવલ ક્લાસિક લૂક પણ વખણાયા હતા, જેમાં તેણે વાયએસએલ અને ડિઓરના ડ્રેસ પસંદ કર્યા હતા. વોગ દ્વારા જાન્હવીના લૂકનો બિહાઈન્ડ ધ સીન વીડિયો પણ શેર પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તેને તૈયાર થતી બતાવાઈ હતી. જાન્હવીના આ લૂક તેની કઝીન રીઆ કપૂર દ્વારા તૈયાર કરાયા હતા. તેણે જાન્હવીના આ લૂકમાં આકર્ષક સોસર હેટ વાયવેઝ સેંટ લોરેન રીવ ગોશીના ૧૯૮૭ના કલેક્શનને ધ્યાનમાં રાખીને પહેરાવી હતી. સાથે તેણે એક ૧૯૮૯નું વેલ્વેટનું જેકેટ અને ૧૯૮૭થી ૧૯૯૧ના વાયવેઝ પોએટીક એરાથી પ્રેરિત સિલ્ક શિફોન કાપડનું પેન્સિલ સ્કર્ટ પહેર્યું હતું. તેની સાથે તેણે ચપાર્ડના યલો ડાયમંડ સ્ટડ્ઝ પહેરીને ફ્રેન્ચ લક્ઝરી હાઉસને પણ માન આપ્યું હતું. આ સાથે જાન્હવીએ વીડિયોમાં તૈયાર થતાં પહેલાં તેણે શું ભોજન કર્યું તે વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું,‘‘ચલો તમને બતાવું, મેં હાલ શું ખાધું છેઃ ચણાની દાળ, ભાત, લીલાં મરચાં, અથાણું અને થોડી વટાણાની ભાજી. હું ખરેખર ખુશ છું કે મને કેન્સમાં પણ ભારતમાં ઘરમાં બનાવેલું ભોજન ખાવા મળ્યું.’’રીઆ એ ડ્રેસ કઈ રીતે તૈયાર કર્યા તે અંગે જાન્હવીએ કહ્યું,‘‘આ ડ્રેસ પસંદ કરવામાં મારો બિલકુલ કોઈ ફાળો નથી અને આ બધું જ મારી બહેન રીઆ દીદીએ કર્યું છે, આ એનો જ વિચાર અને રચના છે અને એના શબ્દોમાં, ‘‘એક સ્વિસ એર ફ્લાઈટ દરમિયાન તેને આ વિચાર આવ્યો હતો, મતલબ કે આ બિલકુલ છેલ્લી ઘડીએ જ આવેલો. પરંતુ હું બહુ જ ઉત્સાહીત હતી કે મને મેં ક્યારેય ન કર્યું હોય એવું કરવા મળ્યું. મારા માથા પર એક મોટી હેટ છે. મને બિલકુલ ન હસવાની સુચના આપવામાં આવી છે, આ પ્રકારની અલગ ઈવેન્ટમાં રેડ કાર્પેટ પર હું ખરેખર બહુ જ ઉત્સાહમાં છું, પરંતુ આ મોટી હેટ સાથે એ ઉત્સાહ જળવાતો નથી.’’ આ બધા લૂક પાછળની મુશ્કેલીઓ અંગે જાન્હવીએ કહ્યું, ‘‘હું બહુ જ મુંઝવણમાં હતી. દસ મિનિટ પહેલાં સુધી મને ખબર નહોતી કે મારે શું પહેરવાનું છે અને પછી અમે રીઆ દીદીની આ દૃષ્ટિને હકિકત બનાવવામાં લાગી ગયાં.








**રેડ કાર્પેટ પર ડેબ્યુ માટે જાન્હવી કપૂરે તરુણ તાહિલાની દ્વારા ડિઝાઇન કરેલો અસલ બનારસી ટીશ્યુનો ડ્રેસ પહેર્યો હતો**

# ‘મિશન ઇમ્પોસિબલ ૮’ એ કમાણીનો બમ્પર રેકોર્ડ બનાવ્યો

### અહેવાલ મુજબ, ‘મિશન ઇમ્પોસિબલ ૮’ એ ભારતીય બોક્સ ઓફિસ પર ૭૭.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે



પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ટોમ ક્રૂઝની તાજેતરની ફિલ્મ ‘મિશન: ઈમ્પોસિબલ - ધ ફાઈનલ રેકનિંગ’ બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી રહી છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર એક નોંધ લખીને ફિલ્મને આટલો પ્રેમ આપવા બદલ ચાહકોનો આભાર માન્યો છે.અહેવાલ મુજબ, ‘મિશન ઈમ્પોસિબલ ૮’ એ ૨૩ મેના રોજ અમેરિકા અને બાકીના વિશ્વમાં રિલીઝ થયા પછી ૧૭૧૧.૯૭ કરોડ (૨૦૦ મિલિયન ડોલર) ની કમાણી કરી છે, જેમાં ત્રણ દિવસના પહેલા સપ્તાહના અંત અને ચોથા દિવસની રજાનો સમાવેશ થાય છે. તેણે તેના સ્થાનિક બજારમાં એટલે કે અમેરિકામાં ત્રણ દિવસમાં ૫૩૯.૪૪ કરોડ (૬૩ મિલિયન ડોલર) અને ચાર દિવસમાં ૬૫૯.૩૩ કરોડ (૭૭ મિલિયન ડોલર) નો વ્યવસાય કર્યો છે.ટીમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા, ટોમ ક્રુઝે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ‘આ સપ્તાહાંત ઈતિહાસના પુસ્તકોમાં નોંધાવા જેવો સપ્તાહાંત હતો. દરેક ફિલ્મ નિર્માતા, દરેક કલાકાર, દરેક ક્રૂ સભ્ય અને સ્ટુડિયોમાં કામ કરતા દરેકને અભિનંદન અને આભાર.’નિર્માતાઓની પ્રશંસા કરતા, ૬૨ વર્ષીય ટોમે કહ્યું, ‘દરેક થિયેટર અને દરેક કર્મચારીનો આભાર જે આ વાર્તાઓને દર્શકો સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પેરામાઉન્ટ પિક્ચર્સ અને સ્કાયડાન્સમાં કામ કરતા દરેકનો આભાર તમારી ઘણા વર્ષોની ભાગીદારી અને સમર્થન માટે હું આભારી છું.‘મિશન ઈમ્પોસિબલઃ ધ ફાઈનલ રેકનિંગ’ ભારતમાં નિર્ધારિત સમય કરતાં છ દિવસ પહેલા રિલીઝ થઈ છે. અગાઉ આ ફિલ્મ ૨૩ મેના રોજ રિલીઝ થવાની હતી. આ ફિલ્મ હિન્દી, અંગ્રેજી તેમજ તમિલ અને તેલુગુમાં રિલીઝ થઈ છે. પેરામાઉન્ટ પિક્ચર્સ અને સ્કાયડાન્સે ટોમ ક્રૂઝ પ્રોડક્શન્સની ફિલ્મ ‘મિશન ઈમ્પોસિબલઃ ધ ફાઈનલ રેકનિંગ’ રજૂ કરી છે, જેનું નિર્દેશન ક્રિસ્ટોફર મેકક્વારી દ્વારા કરવામાં આવ્યું છે.એક્શન ફિલ્મમાં ટોમ ક્રૂઝની સાથે હેન્ના વેડિંગ હેમ, કેટી ઓ’બ્રાયન, જેનેટ મેક્ટીર, લ્યુસી તુલુગાર્ઝુક અને ટ્રેમેલ ટિલમેનનો સમાવેશ થાય છે. ટોમ ક્રૂઝ તેના પાત્ર એથન હન્ટ તરીકે પાછો ફર્યો છે. તેની સાથે, ફિલ્મમાં જાણીતા ચહેરાઓ હેલી એટવેલ, વિંગ રેમ્સ, સિમોન પેગ, હેનરી ચેર્ની અને એન્જેલા બેસેટ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે.અહેવાલ મુજબ, ‘મિશન ઈમ્પોસિબલ ૮’ એ ભારતીય બોક્સ ઓફિસ પર ૭૭.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે, ૧૧મા દિવસે ૨.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મ ૧૭ મેના રોજ ભારતમાં રિલીઝ થઈ હતી.

# પરેશ રાવલ સાથે ૩૫થી વધુ વર્ષ કામ કર્યું છે, એ એક અદ્દભુત કલાકાર છે

### અક્ષય અને પરેશ વચ્ચે વિખવાદ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચામાં છે કારણ કે પરેશ રાવલે અચાનક જ ‘હેરા ફેરી ૩’ છોડી દીધી છે



અક્ષય કુમાર અને પરેશ રાવલ વચ્ચે વિખવાદ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચામાં છે કારણ કે પરેશ રાવલે અચાનક જ ‘હેરા ફેરી ૩’ છોડી દીધી છે. તેઓ બંને એકબીજા સાથે ઘણી ફિલ્મમાં કામ કરી ચુક્યા છે અને હેરા ફેરીની આગળની બે ફિલ્મમાં પણ તેઓ સાથે કામ કરી ચુક્યા છે. હવે બંને વચ્ચે સંબંધ એટલા વણસી ગયા છે કે હવે બંને વકીલ મારફતે જ વાત કરે છે. અક્ષય કુમારે પહેલી વખત આ મુદ્દે જાહેરમાં વાત કરી છે. મંગળવારે અક્ષય કુમારની ફિલ્મ ‘હાઉસફુલ ૫’ના ટ્રેલર લૉંચની એક ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં અક્ષય કુમારે પહેલી વખત આ મુદ્દે જાહેરમાં કોઈ વાત કરી છે. એક પત્રકાર દ્વારા આ ઈવેન્ટમાં અક્ષય કુમારને, કેટલાંક લોકો પરેશ રાવલને ‘મુર્ખ’ કહે છે એ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે અક્ષયે કહ્યું, ‘‘મારા કૉ-સ્ટાર માટે આ પ્રકારના મૂર્ખ જેવા શબ્દનો પ્રયોગ કરવો યોગ્ય નથી, હું આવી કોઈ બાબતની તરફેણ કરતો નથી. અક્ષય કુમાર અને પરેશ રાવલ વચ્ચે વિખવાદ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચામાં છે કારણ કે પરેશ રાવલે અચાનક જ ‘હેરા ફેરી ૩’ છોડી દીધી છે મેં તેમની સાથે છેલ્લા ૩૦-૩૨ વર્ષથી કામ કર્યું છે. તેઓ એક અદભુત કલાકાર છે. હું ખરેખર તેમનું સન્માન કરું છું.’’આગળ અક્ષય કુમારે કહ્યું, ‘‘મને નથી લાગતું આ યોગ્ય જગ્યા છે, જ્યાં હું એ એ અંગે વાત કરી શકું. કારણ કે જે કંઈ પણ બન્યું છે એ ઘણી ગંભીર બાબત છે. આ એક એવો મુદ્દો છે, જે કોર્ટમાં જ ચાલે તે યોગ્ય રહેશે. તેથી મને નથી લાગતું એ અંગે હું અહીં વાત કરીશ.’’‘‘પરેશ રાવલ આ પ્રકારનું કોઈ કામ કરવા નથી માગતા’’ એવું કહીને તેમણે હેરા ફેરી ૩ છોડી દીધી છે. બાબુરાવ ગણપતરાવ આપટેના લોકપ્રિય રોલને છોડવા વિશે આ ઉપરાંત કોઈ સ્પષ્ટતા પણ કરી નથી. ૧૮ મેએ પરેશ રાવલે સૌથી પહેલી ટ્વીટ કરી હતી અને લખ્યું હતું, ‘‘હું જાહેરમાં કહેવા માગુ છું કે મારો હેરા ફેરીથી દુર રહેવાનનો નિર્ણય સર્જનાત્મક મનભેદના કારણે છે. હું એ જાહેર કરવા માગુ છું કે ફિલ્મ મેકર અને મારી વચ્ચે કોઈ સર્જનાત્મક અસહમતિ નથી. ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન માટે મને અપાર પ્રેમ, માન અને વિશ્વાસ છે.’’

## અક્ષયે કહ્યું આ ગંભીર બાબત છે, કોર્ટમાં જ ચર્ચાશે



અક્ષય કુમારની ફિલ્મ ‘હાઉસફુલ ૫’ના ટ્રેલર લૉંચની એક ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં અક્ષય કુમારે પહેલી વખત આ મુદ્દે જાહેરમાં કોઈ વાત કરી છે. એક પત્રકાર દ્વારા આ ઈવેન્ટમાં અક્ષય કુમારને, કેટલાંક લોકો પરેશ રાવલને ‘મુર્ખ’ કહે છે એ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે અક્ષયે કહ્યું, અક્ષય કુમાર અને પરેશ રાવલ વચ્ચે વિખવાદ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચામાં છે કારણ કે પરેશ રાવલે અચાનક જ ‘હેરા ફેરી ૩’ છોડી દીધી છે ‘‘મારા કૉ-સ્ટાર માટે આ પ્રકારના મૂર્ખ જેવા શબ્દનો પ્રયોગ કરવો યોગ્ય નથી, હું આવી કોઈ બાબતની તરફેણ કરતો નથી. અક્ષય કુમાર અને પરેશ રાવલ વચ્ચે વિખવાદ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચામાં છે કારણ કે પરેશ રાવલે અચાનક જ ‘હેરા ફેરી ૩’ છોડી દીધી છે મેં તેમની સાથે છેલ્લા ૩૦-૩૨ વર્ષથી કામ કર્યું છે. તેઓ એક અદભુત કલાકાર છે.

# ‘મેટ્રો ઇન દિનોં’નો પહેલો લૂક અનુરાગ બાસુએ રજૂ કર્યો

### ફિલ્મમાં દર્શાવાશે આધુનિક સમયના પ્રેમ - સંબંધના અનોખા સમીકરણો

અનુરાગ બાસુની ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’ની ટીમ દ્વારા ફિલ્મનો પહેલો લૂક અને પહેલા ગીત ‘ઝમાના લાગે’ની ઝલક રજૂ કરવામાં આવી છે. આ ક્લિપ માં ફિલ્મના પાત્રોના જીવનની પણ એક નાની ઝલક મળે છે. તેમાં અનુપમ ખેર, પંકજ ત્રિપાઠી, કોંકણા સેન શર્મા, આદિત્ય રોય કપુર, સારા અલી ખાન, ફાતિમા સના શેખ, અલી ફઝલ, નીના ગુપ્તા અને શાશ્વતા ચેટર્જી છે.વીડિયો એક ડાયલોગ સાથે શરૂ થાય છે, ‘‘આ શહેર બદલાઈ ગયું છે એવી જ તેવી વાર્તાઓ પણ.’’ પછી તરત સારા અલી ખાન અને આદિત્ય રોય કપુર એક રેલવે સ્ટેશન પર ઉભેલા દેખાય છે, આદિત્ય પહાડોના નઝારાને માણી રહ્યો છે, જ્યારે સારા શહેરી જીવનની ગતિને માણી રહી છે. જ્યારે અલી ફઝલ એક ગાયક છે અને ફાતિમા સના શેખના પાત્રના પ્રેમમાં પડે છે. કોંકણા સેન શર્મા પહેલી ફિલ્મમાં પણ હતી. તે આ ફિલ્મમાં તેની પહેલી ફિલ્મના સાથીદાર ઈરફાન પઠાણને શ્રદ્ધાંજલિ આપતી દેખાય છે. આ વખતે તેની જોડી પંકજ ત્રિપાઠી સાથે જોવા મળશે. આ ગીત આજના સમયની ગઝલ જેવું છે, ‘‘જ્યારે સંગીત કવિતાને મળે છે, જાદુ થાય છે. ઝમાને લગેંગે.’’ આ ગીત અરિજિત સિંઘ અને શાશ્વત સિંઘ દ્વારા ગાવામાં આવ્યું છે જ્યારે ફિલ્મનું સંગીત પ્રિતમ દ્વારા આપવામાં આવ્યું છે. આ




ફિલ્મનું પહેલું ગીત ૨૮ મેએ રિલીઝ થશે અને આ ફિલ્મ ૪ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે. દિગ્દર્શક અનુરાગ બાસુએ સ્વર્ગસ્થ અભિનેતા ઈરફાન ખાનની ખોટ સ્વીકારી અને શેર કર્યું કે કેવી રીતે અભિનેત્રી કોંકણા સેન શર્મા ‘ મેટ્રો...ઈન ડીનો ‘ ફિલ્મનું શૂટિંગ કરતી વખતે રડવા લાગી કારણ કે તેણી તેના સહ-અભિનેતા અને મિત્ર ઈરફાન ખાનને યાદ કરતી હતી. ‘મેટ્રો..ઈન ડીનો’ ના ‘ઝમાના લાગે’ ગીતના લોન્ચ ઈવેન્ટમાં, અનુરાગ બાસુ ‘લાઈફ ઈન અ મેટ્રો’ સિક્વલના કલાકારો સાથે જોડાયા હતા, જેમાં ઈરફાન ખાન પણ મુખ્ય ભૂમિકામાં હતા. પહેલા ભાગમાં, કોંકણા સેન અને ઈરફાન ખાનની જોડી હતી , જે જોડીનો ફિલ્મમાં સુખદ અંત આવે છે. મૂળ કલાકારોમાંથી, કોંકણા એકમાત્ર એવી અભિનેત્રી છે જે તેની સિક્વલમાં પરત ફરી રહી છે. ૨૦૨૦ માં તેના પ્રિય મિત્ર અને સહ-અભિનેતા ઈરફાન ખાનનું અવસાન થયા પછી અભિનેત્રી માટે ફરીથી ફિલ્મમાં કામ કરવું મુશ્કેલ હતું . દિવંગત અભિનેતાને યાદ કરતાં, અનુરાગ બાસુએ શેર કર્યું કે કોંકણા શર્મા ફિલ્મ ( મેટ્રો...ઈન ડીનો ) ના એક દ્રશ્યના શૂટિંગ દરમિયાન રડવા લાગી હતી કારણ કે તેનો સ્વર પહેલા ભાગના એક દ્રશ્ય સાથે ‘‘થોડો મળતો આવતો’’ હતો. તેમણે આ કાર્યક્રમમાં ગાયક કેકેને પણ યાદ કર્યા કારણ કે ગાયકે પ્રિકવલના આલ્બમના બે સૌથી પ્રખ્યાત ગીતો ગાયા હતાઃ ‘અલવિદા’ અને ‘ઓ મેરી જાન’. ‘‘અમે એક દ્રશ્યનું શૂટિંગ કરી રહ્યા હતા, અને તેનો સ્વર પહેલી ફિલ્મના દ્રશ્ય જેવો જ હતો. અચાનક, કોંકણા રડવા લાગી, અને અત્યારે પણ, મને ચિંતા છે કે જો કોઈ તેના વિશે પ્રશ્ન પૂછશે તો પણ એવું જ થશે. અમને તેની યાદ આવે છે; અમને કેકેની ખૂબ યાદ આવે છે, અને ઘણા બીજા લોકો છે જેઓ હવે યાદ આવે છે, જેમની સાથે અમે પહેલા સહયોગ કર્યો હતો,’’



**ફિલ્મ ‘મેટ્રો ઇન દિનોં’ની ટીમ દ્વારા ફિલ્મનો પહેલો લૂક અને પહેલા ગીત ‘ઝમાના લાગે’ની ઝલક રજૂ કરવામાં આવી છે**

# ૩૧ મે ૨૦૨૫ વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી કરાશે : ઓછી વયે તમાકુની શરૂઆત થવાથી વધારે લત લાગવાની શક્યતા

## અમદાવાદ ગ્રામ્ય ૩૩૯ શાળાઓને તમાકુ મુક્ત જાહેર કરવામાં આવી છે : અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓ, યુવા વર્ગ વ્યસનથી દૂર રહે તે માટે સઘન ઝુંબેશ હાથ ધરાઇ



। અમદાવાદ, તા.૩૦ ।

૩૧ મેના રોજ વિરમગામ તાલુકા, અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં તમાકુ નિષેધ દિનની ઉજવણી નિમિત્તે નિમિત્તે જનજાગૃતિ કાર્યકર્મોનું આયોજન કરવામાં આવનાર છે અને અમદાવાદ જિલ્લામાં ખાસ કરીને વિદ્યાર્થીઓ યુવા વર્ગ વ્યસનથી દૂર રહે તે માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તમાકુ નિષેધ દિન નિમિત્તે જૂથ ચર્ચા, વર્કશોપ, શિબિર, રેલી કાર્યક્રમમાં હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અમદાવાદના સીધા માર્ગદર્શન હેઠળ અમદાવાદ ગ્રામ્યના યુવાનો અને બાળકોમાં તમાકૂના ઉપયોગ સામે જાગૃતિ ફેલાવવા માટે ખાસ અભિયાન સપ્ટેમ્બર ૨૪ થી શરૂ કર્યું છે.

આ પહેલ અંતર્ગત શાળાઓમાં જાગૃતતા કાર્યક્રમો, COTPA કાયદાનું કડક અમલ અને સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. શૈક્ષણિક સંસ્થાઓને ૧૦૦% તમાકૂમુક્ત જાહેર કરવા શિક્ષણ શાખાનો પણ સહકાર મળેલ છે. સ્થાનિક તંત્રો, NGO અને યુવાગૃપોની સહભાગિતાથી બાળકોને તમાકૂની લતથી બચાવવાનો પ્રયાસ કરાશે. આ અભિયાનનો ઉદ્દેશ શરૂઆતથી જ તમાકૂ વપરાશ અટકાવવો અને લાંબા ગાળાના આરોગ્ય જોખમ ઘટાડવાનો છે. એક નિર્ધારિત ટાસ્ક ફોર્સ નિયમનની દેખરેખ રાખશે અને સ્થાયી પગલાં લેશે. આ અભિયાન યુવાન તમાકૂ નિયંત્રણ માટે મહત્વપૂર્ણ પગલું છે. અમદાવાદ ગ્રામ્ય અને ૩૩૯ શાળાઓને તમાકુ મુક્ત જાહેર કરવામાં આવેલ છે અને બાકી રહેલ શાળાઓને પણ તમાકુ મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. ચિંતન દેસાઈએ જણાવ્યું હતું કે, "તમાકૂનો પ્રારંભ અડોલેસન્ટ વયમાં થાય છે. પ્રારંભિક જાગૃતિ, શિક્ષણ અને સમુદાયની સહભાગિતા દ્વારા આપણે આપણા બાળકોને લત અને બીમારીઓથી ભરેલી જિંદગીથી બચાવવાનું લક્ષ્ય રાખીએ છીએ." ગ્લોબલ યુથ તમાકૂ સર્વે (GYTS) મુજબ, ભારતમાં ૧૩ થી ૧૫ વર્ષની વયના લગભગ ૧૪.૬% વિદ્યાર્થીઓએ કોઈ ને કોઈ પ્રકારનું તમાકૂ વપરાશ કરેલ છે. ઓછી વયે તમાકૂની શરૂઆત થવી વધારે લત લાગવાની શક્યતા અને લાંબા ગાળાની આરોગ્ય સમસ્યાઓ સાથે જોડાયેલી છે. આ પ્રવૃત્તિને રોકવા માટે અમદાવાદ ગ્રામ્ય સક્રિય પગલાં અને સમુદાય આધારિત કાર્ય દ્વારા આ ઘાતક પ્રવૃત્તિને અટકાવવા માટે પ્રતિબદ્ધ છે.

# વિશ્વ તમાકુ દિવસ

## વર્ષ દરમિયાન ડાંગ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા તમાકુ નિષેધ માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજી લોકોને જાગૃત કરાયા

## COTPA-2003 અધિનિયમ હેઠળ તમાકુ નિયંત્રણ ભંગ બદલ ૧૬૫ કેસ કરી રૂ. ૩૧,૯૦૦નો દંડ પણ વસૂલાત કરવામા આવ્યો



। (માહિતી) ડાંગ, તા.૩૦ ।

દર વર્ષે તા.૩૧મી મે ના રોજ "વિશ્વ તમાકુ દિવસ" (World No Tobacco Day) ની ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીની શરૂઆત WHO (વિશ્વ આરોગ્ય સંગઠન) દ્વારા વર્ષ ૧૯૮૭મા કરવામાં આવી હતી. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય તમાકુના ઉપયોગથી થતા સ્વાસ્થ્ય જોખમો કેન્સર, હ્રદયરોગ, અને શ્વસન સમસ્યાઓ વિશે લોકોને જાગૃત કરવાનો છે. આ ઉપરાંત, ધૂમ્રપાન છોડવા માટેના પગલાં અને તમાકુ ઉત્પાદનો પર નિયંત્રણની હિમાયત પણ કરવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંગઠનના અંદાજ મુજબ, તમાકુના કારણે દર વર્ષે ૮૦ લાખથી વધુ લોકોના મૃત્યુ થાય છે. વિશ્વ તમાકુ દિવસ (World No Tobacco Day) લોકોમાં તમાકુ નાબુદી અંગે જાગૃતિ લાવવા માટેનો દિવસ છે. આ દિવસે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. તમાકુ નિયંત્રણ માટે કડક નીતિઓ, જેમ કે તમાકુ ઉત્પાદનો પર ઉચ્ચ કર, જાહેર સ્થળોએ ધૂમ્રપાન પર પ્રતિબંધ, અને વિશેષ જન જાગૃતિ અભિયાનો હાથ ધરવામા આવે છે.

**ડાંગ જિલ્લામાં તમાકુ નિયંત્રણ માટે હાથ ધરવામા આવેલ કામગીરી :**

ડાંગ જિલ્લાની આરોગ્ય શાખા દ્વારા તમાકુ નિયંત્રણ તેમજ લોકોમાં તમાકુથી થતાં રોગોની જાણકારી માટે સેમિનાર/રેલી/પ્રતિજ્ઞા/યોગ શિબિર/રંગોળી જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. આરોગ્ય શાખા દ્વારા જિલ્લામાં COTPA-2003 (સિગારેટ અધર એન્ડ ટોબેકો પ્રોડોક્ટ એક્ટ) અધિનિયમની અમલવારી થાય તે હેતુથી જાહેર સ્થળો, પ્રવાસન સ્થળો વિગેરે જગ્યાએ ડ્રાઈવ કરીને જાહેરમાં વ્યસન કરતાં લોકો પાસેથી દંડ વસુલાત કરવામાં આવે છે. તેમજ શાળાઓ, કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજી તેઓને પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા વ્યસનથી થતા નુકસાન, વ્યસન છોડવાના ઉપાયો વિશે જાગૃત કરવામાં આવે છે. શાળા કોલેજની નજીક તમાકુ ન વેંચવા અંગે પણ દુકાનદારોને જણાવવામાં આવે છે.

દરમિયાન ગત વર્ષે Tobacco Free Youth Campaign 2.0 ના સમયગાળા દરમિયાન ૩૦ આઈ.ઈ.સી. કેમ્પેઈન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પેઈન અંતર્ગત જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ૧૬૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને TOFEI અંતર્ગત આવરી લેવામાં આવ્યાં હતાં. તેમજ પી.એચ.સી.ના તમામ મેડીકલ ઓફિસરો દ્વારા પોતાના વિસ્તારના ઓછામાં ઓછા ૧૪ જેટલાં ગામડાઓને તમાકુ મુક્ત કરવા, તેમજ જિલ્લા ટાસ્ક ફોર્સ સ્કોડ દ્વારા ૧૬ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વડોદરા શહેર અને જિલ્લામાં તા. ૩૧ના ત્રણ સ્થળે ઓપરેશન શિલ્ડ અંતર્ગત મોકડ્રિલ યોજાશે

। (માહિતી) વડોદરા, તા.૩૦ ।

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર અને નિયામકશ્રી નાગરિક સંરક્ષણ, અમદાવાદની કચેરીથી તારીખ ૨૮/૦૪/૨૦૨૫ના પત્ર મુજબ તા.૩૧ મે, ૨૦૨૫ના રોજ વિવિધ ડિઝાસ્ટર આધારિત મોક ડ્રિલ "ઓપરેશન શિલ્ડ"નું આયોજન કરવામાં આવ્યું છે. જે મુખ્યત્વે વડોદરા જિલ્લામાં તારીખ ૩૧/૦૫/૨૦૨૫ના રોજ સાંજે ૬:૪૫ વાગ્યે શરૂ થઈ ૭:૩૦ સુધી મોકડ્રીલ અને ત્યારબાદ સાંજે ૭:૩૦ થી ૭:૪૫ વાગ્યા દરમિયાન બ્લેકઆઉટ કાર્યક્રમ તરીકે નિર્ધારિત સ્થળ અને સમયે યોજાનાર છે.

આ મોકડ્રીલનો હેતુ લોકજાગૃતિ તથા યથાર્થતા માટે યોજાય છે, જેમાં નાગરિક સંરક્ષણના વિવિધ અધિકારીઓ, જિલ્લા અધિક કલેકટરશ્રી, વિવિધ વિભાગો અને સેવાઓ સાથે સંકલનમાં રહી આયોજન હાથ ધરવામાં આવશે.

મોકડ્રીલના મુખ્ય સ્થળ પાદરા તાલુકાનું નગર પાદરા (શહેરી વિસ્તાર) છે, જ્યાં મોકડ્રીલ સાંજે ૪:૪૫ થી ૯:૩૦ સુધી યોજાશે. બીજી કરજણ તાલુકાના ગામડાં વિસ્તારના આઈનોક્સ એર કંપની નજીક આવેલા જૂની જીથરડી ગામ ખાતે આયોજન કરાયું છે, જ્યાં બ્લેકઆઉટ કાર્યક્રમ સાંજે ૭:૩૦ થી ૭:૪૫ સુધી રહેશે. ત્રીજી ડ્રિલ ઈએમઈ સ્કૂલ કંપાઉન્ડ (વડોદરા શહેર) ખાતે મોડી સાંજ સુધી મોકડ્રીલ અને બ્લેકઆઉટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મોકડ્રીલ યોજનામાં સ્થાનિક પોલીસ સ્ટાફ, વડોદરા મહાનગર સેવા સદનના અધિકારીઓ અને કર્મચારીઓ, નાયબ કલેકટરશ્રી કરજણ તથા વડોદરા ગ્રામ્ય, પાદરા નગર પાલિકા, મામલતદારશ્રી કરજણ તથા પાદરા, સંલગ્ન વિભાગો જેવા કે આરોગ્ય વિભાગ, એમ.જી.વી.સી.એલ., તેમજ ઈએમઈ સ્કૂલ, ફાયરબ્રિગેડ વડોદરા તથા સ્થાનિક નાગરિકો સહભાગી રહેશે

# ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરાયું



।(માહિતી) ગાંધીનગર, તા.૩૦।

વર્તમાન સમયમાં મેદસ્વિતા ગંભીર સમસ્યા બની રહી છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. પરિણામે શરીર અનેક બીમારીઓનું ઘર બને છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'ઓબેસીટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝૂંબેશ શરૂ કરી છે.

આ ઝૂંબેશ હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મેદસ્વીતા ક્લિનીક શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં ૫૬૯ દર્દીઓ વધારે વજન તથા મેદસ્વી કેટેગરી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ક્લિનીકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનીંગ કરી તેનું વજન તથા ઉંચાઈ માપી તેનો BMI (બોડી માસ ઈન્ડેક્ષ) માપવામાં આવે છે. જેમાં ૨૫ થી નીચે BMI વાળા તંદુરસ્ત તથા ૨૫ થી ૩૦ વચ્ચેના વધારે વજનવાળા તથા ૩૦ થી ૩૫ વચ્ચેની મેદસ્વી તથા ૩૫ થી વધારેવાળા અતિ મેદસ્વી કેટેગરીમાં આવે છે. સારવાર માટે આવતા દર્દીઓમાં ૨૫ થી વધારે BMI હોય તેઓનું કાઉન્સીલર દ્વારા મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયેટેશીન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે.

# ઝાલોદ નગરમાં મોટા ભાગના કેમેરા બંધ હાલતમાં : સરકારના નેત્રમ પ્રોજેક્ટની કામગીરી પણ અધૂરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરમા છેલ્લા ઘણા સમયથી નગરના મોટા ભાગના કેમેરા બંધ હાલતમાં જોવા મળી રહેલ છે. જેથી જો કો નગરમાં કોઈ ક્રાઈમની ઘટના બનેતો તે માટે પોલિસને ઘણી સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે અને ક્રાઈમ કરનાર લોકો સુધી જલ્દી થી પહોંચી શકાતું નથી.

આ જાહેર કેમેરાઓ પોલિસ દ્વારા કેટલીય વાર સુધારવી ચાલુ પણ કરવામાં આવ્યા હતા પણ થોડો ટાઈમ ચાલુ થયા પછી કોઈને કોઈ કારણોસર બંધ થઈ જતાં હોય છે. અમુક કેમેરા તો ચાલુ પણ નથી થતા....આવામાં ક્રાઈમ કરતા ગુનેગારોને છૂટો દોર મળી જતો હોય છે.

ઝાલોદ નગરના દરેક વિસ્તારોને આવરવા માટે સરકાર દ્વારા પોલિસને કામગીરી કરવા માટે વધુ સરળતા રહે તે માટે હાઈ ડેફીનેશનના કેમેરા લગાવવા માટે નેત્રમ પ્રોજેક્ટ મુકવામાં આવ્યો હતો આ નેત્રમ પ્રોજેક્ટનુ ઉદ્ઘાટન ઝાલોદ તાલુકાના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ પ્રોજેક્ટ ફેબ્રુઆરી અથવા માર્ચમા ચાલુ થઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યું હતુ પરંતુ છેલ્લા કેટલાય સમયથી નેત્રમ પ્રોજેક્ટનુ કામ બંધ હોય તેવું લાગી રહેલ છે. આ અધૂરી કામગીરીને લઈ નગરજનો હવે રાહ જોઈ રહેલ છે કે આ પ્રોજેક્ટ જલ્દી થી જલ્દી પૂરો થાય.

# સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અડાજણ ખાતે સાંસદ મુકેશભાઈ દલાલની અધ્યક્ષતામાં યોગ શિબિર યોજાઈ



। (માહિતી) સુરત, તા.૩૦ ।

દરેક ગુજરાતીઓ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેવા આશયથી-રાજય સરકારના યોગ બોર્ડ દ્વારા ૧૫માં સમર કેમ્પ હેઠળ સુરત શહેરના અડાજણ સ્થિત એલ.પી. સવાણી વિદ્યાલય ખાતે મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત સાંસદશ્રી મુકેશભાઈ દલાલની અધ્યક્ષતામાં યોગ શિબિર યોજાઈ હતી.આ સમર કેમ્પમાં ૧૦૦ થી વધારે બાળકોને ભગવત ગીતાના શ્લોકોનું પઠન, સારા સંસ્કારોનું સિંચન, સાત્વિક આહાર થી મેદસ્વિતા મુક્ત બાળક, મોબાઈલનો ઓછો ઉપયોગ, યોગ દ્વારા સ્વાસ્થ્ય, પર્યાવરણ બચાવો, વૃક્ષારોપણ, પાણી બચાવો, જીવનશૈલીમાં બદલાવો, સમાજ માટે સહયોગી અને સ્વદેશી વસ્તુઓનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. આદર્શ બાળક જ ભારતને વિશ્વ ગુરુ બનાવી શકે છે તે હેતુથી ગુજરાત રાજ્ય યોગબોર્ડ કાર્યરત છે.

આ તાલીમ શિબિરમાં એલ.પી. સવાણી વિદ્યાલયના ડિરેક્ટર શ્રી મયંક ઠાકોર, ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર ડૉ.પારૂલ પટેલ, યોગ કોચ અનિતા ચાંપાનેરી, જાતવેદ આર્ય, હેમલ પ્રજાપતિ યોગ ટ્રેનર મયુરી મિસ્ત્રી, કાશ્મીરા ડી, સોશિયલ મીડિયા બ્રિજેશભાઈ, દાતા તપોવન આશ્રમ પરિવાર ધર્મિષ્ઠાબેન રાકેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણી પ્રચારમાં લાઉડ સ્પીકરનાં ઉપયોગ પર નિયંત્રણો મૂકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ

। (માહિતી) મહેસાણા, તા.૩૦ ।

ભારતના ચૂંટણી આયોગ દ્વારા ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૨૫ માટે ચૂંટણી જાહેર થતા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનાં અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં વગાડતા લાઉડ સ્પીકરથી જાહેર જનતાને પહોંચતા ત્રાસ નુકસાનને અટકાવવા તેના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકતું જાહેરનામું મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે. કે જેગોડાએ મહેસાણા જિલ્લાના ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ્તારમાં રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતું માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા હુકમ ફરમાવેલ છે. (૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં. (૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવીને લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. (૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ, સ્કૂલો કે દવાખાના આવેલ હોય તો આ કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદન ધીમા અવાજથી વગાડવાનું રહેશે. આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તા. ૨૫/૦૬/૨૦૨૫ ના ૨૪ :૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે તેમજ ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે ચૂંટણી આયોગની સુચનાઓના ઉલ્લંઘન બદલની શિક્ષાને પાત્ર થશે.

# વિશ્વ પર્યાવરણ દિવસ – ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત 'પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ' માટે ગુરુકુલ વિદ્યામંદિર, સૂપાની અનોખી પહેલ

। (માહિતી) નવસારી, તા.૩૦ ।

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ની ઉજવણીના અનુસંધાનમાં, ગુરુકુલ વિદ્યામંદિર, સૂપા ખાતે 'પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ'ના સંકલ્પ સાથે પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે તમામ કર્મચારીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. ૨૨ મે ૨૦૨૫થી ૫ જૂન ૨૦૨૫ સુધી વિશિષ્ટ કાર્યક્રમોની શ્રેણી યોજાઈ રહી છે. ત્યારે પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે જાગૃતિ ફેલાવવાના હેતુસર ગુરુકુલ વિદ્યામંદિર, સૂપા ખાતે આ અભિયાન હેઠળ રોજિંદી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રેણીની અંદર, આજરોજ વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુરુકુલ પરિવારના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને કર્મચારીઓએ મળીને "પ્લાસ્ટિક મુક્ત ગુરુકુલ"નું સ્વપ્ન સાકાર કરવા પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ દરમિયાન "End Plastic Pollution at the Global Level" જેવી વૈશ્વિક થીમને અનુરૂપ રીતે સિંગલ યુઝ પ્લાસ્ટિક ના એકત્રિત કરેલા જથ્થાનું યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે પણ તમારી દઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે કોઈક તમારા વખાણ કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. આજે રૉમાન્સની આશા નથી.



**કર્ક (ડ,હ) :**

આજથી તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા. તમારે બંને બાબતો પર એકસરખું ધ્યાન આપવું રહ્યું. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો.



**સિંહ (મ,ટ) :**

આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? ઘરમાં કોઈક વિધી કરાવશો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.



**તુલા (ર,ત) :**

આજે તમને પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. જેઓ આજ સુધી કેટલાક કામ માં વ્યસ્ત હતા તેઓ ને પોતાને માટે સમય મળી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

## આતંકવાદ સામેની ભારતની લડાઇને વૈશ્વિક નેતાઓનું સમર્થન

। (એજન્સી) ફ્રીટાઉન, તા.૩૦ ।

ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળો ગુરુવારે વૈશ્વિક નેતાઓ અને લગભગ બે ડઝન રાજદૂતોને મળ્યા હતાં. આ વૈશ્વિક નેતાઓએ તમામ સ્વરૂપોમાં આતંકવાદની કડક નિંદા કરી હતી અને આ ખતરાનો સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પ્રયાસોની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. એક અસાધારણ સંકેત તરીકે પશ્ચિમ આફ્રિકાના દેશ સિએરા લિયોનની સંસદે ગુરુવારે શિવસેના સાંસદ શ્રીકાંત એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળની હાજરીમાં પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોના માનમાં એક મિનિટનું મૌન પાળ્યું હતું. રાજધાની ફ્રીટાઉન ખાતેના ભારતીય હાઈ કમિશને એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પ્રતિનિધિમંડળની મુલાકાત આતંકવાદના તમામ સ્વરૂપોનો સામનો કરવા માટે ભારતની દૃઢ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે તથા પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને જોડવાના તેના વ્યાપક પ્રયાસોને હાઈલાઈટ કરે છે.

## વર્લ્ડ કપ અગાઉ ઓસી. વિમેન્સ ટીમ ભારતના પ્રવાસે આવશે

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

આ વર્ષના અંતમાં ભારતમાં વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન થનારું છે ત્યારે તેની તૈયારીરૂપે ભારતીય વિમેન્સ ટીમ કેટલીક સિરીઝ રમવાની છે જે પૈકીની એક સિરીઝમાં ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમ સપ્ટેમ્બરમાં ભારતના પ્રવાસે આવશે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની મેન્સ 'એ' ટીમ પણ ભારતના પ્રવાસે આવનારી છે. ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઈ) ગુરુવારે આ ત્રણેય સિરીઝ માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી. બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમ ભારતમાં ત્રણ વન-ડે મેચની સિરીઝ રમશે. જે ભારતમાં યોજાનારા આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ની તૈયારીનો ભાગ હશે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની મેન્સ 'એ' ટીમ આ જ ગાળામાં ભારતમાં રમવા આવશે.ભારત અને ઓસ્ટ્રેલિયાની વિમેન્સ ટીમ તેની ત્રણ મેચ ૧૪, ૧૭ અને ૨૦મી સપ્ટેમ્બરે ચેન્નાઈના ચેપોક ખાતે રમશે. વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ ૨૯મી સપ્ટેમ્બરથી ૨૬મી ઓક્ટોબર દરમિયાન ભારતમાં યોજાનારો છે. ઓસ્ટ્રેલિયા-એ ટીમ ભારતીય-એ ટીમ સામે ચાર ચાર દિવસની બે મેચ રમશે અને ત્રણ વન-ડે મેચ રમશે લખનૌ ખાતે ૧૬થી ૧૯મી સપ્ટેમ્બરે ચાર દિવસની મેચ રમાશે અને ત્યાર બાદ આ જ સ્થળે ૨૩મીથી બીજી ચાર દિવસીય મેચ રમાશે.

### ચૂંટણી પંચે ચૂંટણી વ્યવસ્થાપન માટે ૧૦૦ દિવસમાં ૨૧ પહેલ કરી

# કોઈ પણ મતદારે મતદાન કરવા માટે ૨ કિમીથી વધુ દૂર નહીં જવું પડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।




મતદારોના અનુભવને વધારવા અને મતદાન વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા માટે ચૂંટણી પંચે છેલ્લા ૧૦૦ દિવસોમાં ૨૧ નવી પહેલ શરૂ કરી છે. આ પગલાં ચૂંટણી સંબંધિત પ્રક્રિયામાં સુધારા, તાલીમ કાર્યક્રમો અને રાજકીય હિસ્સેદારોની સામેલગારી સંબંધિત છે. આ પગલાં ૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યકાળમાં લેવામાં આવ્યા છે. મતદારોની સરળતામાં વધારો કરવા માટે ચૂંટણી સત્તાવાળાઓએ મતદાન મથક દીઠ મતદારોની મહત્તમ સંખ્યા ૧,૫૦૦થી ઘટાડી ૧,૨૦૦ કરી છે. હાઈરાઈઝ બિલ્ડિંગ અને હાઉસિંગ કોલોની જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વધારાના મતદાન મથકો સ્થાપિત કરાશે. ચૂંટણીપંચનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈપણ મતદાતાને મતદાન કરવા માટે ૨ કિમીથી વધુ મુસાફરી કરવાની જરૂર ન પડે.મતદાન મથક નંબરની સ્પષ્ટતા માટે વોટર ઈન્ફર્મેશન સ્લીપને ફરીથી ડિઝાઈન કરાઈ છે. મતદારોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરવા માટે દરેક મતદાન મથકના પ્રવેશદ્વાર પર મોબાઈલ ફોન જમા કરવાની સુવિધા સ્થાપિત કરાશે.પહેલા ઉમેદવારો મતદાન મથકના પ્રવેશદ્વારથી ૨૦૦ મીટર દૂર તેમના બૂથ ઊભા કરી શકતા હતાં. હવે તેઓને ૧૦૦ મીટર દૂર બુથ ઊભા કરવાની મંજૂરી અપાશે. ચૂંટણીપચે ભારતના રજિસ્ટ્રાર જનરલ પાસેથી મૃત્યુ નોંધણી ડેટાનો ઉપયોગ પણ ચાલુ કર્યો છે. તેનાથી મૃતક મતદારોને યાદીમાંથી સમયસર ધોરણે ચકાસણી કરીને દૂર કરી શકાય.

### અમે કાર્યવાહી કરીએ તે પહેલા હુમલો થઈ ગયોઃ પાકિસ્તાનના વડાપ્રધાન

# ભારતની બ્રહ્મોસ મિસાઈલે વિનાશ વેર્યો : પાક.ના વડાપ્રધાન શરીફે કબુલ્યું

### શેહબાઝ શરીફ આ વાત સ્વીકારી રહ્યા હતા ત્યારે પાકિસ્તાનના ચીફ ઓફ સ્ટાફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર પણ તેમની સામે બેઠા હતા

। (એજન્સી) લાચિન, તા.૩૦ ।



પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ અને પાકિસ્તાની એરબેઝ પર ભારતે કરેલા હુમલાઓને પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ ક્યારેય ભૂલી નહી શકે. તે રાતની ઘટનાઓને યાદ કરતા શરીફે કહ્યું કે, પાકિસ્તાને સવારની નમાજ પછી ભારત પર હુમલો કરવાની યોજના બનાવી હતી, પરંતુ તે પહેલાં જ ભારતે બ્રહ્મોસ મિસાઈલથી પાકિસ્તાનના હવાઈ સહિતના લશ્કરી ઠેકાણાં પર હુમલા કર્યા હતા. શેહબાઝ શરીફ આ વાત સ્વીકારી રહ્યા હતા ત્યારે પાકિસ્તાનના ચીફ ઓફ સ્ટાફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર પણ તેમની સામે બેઠા હતા. બાદમાં, તેમણે મુનીરને ઉભા કર્યા અને આખી સભામાં તેમનો પરિચય કરાવ્યો હતો. આ દરમિયાન, તેમણે એમ પણ કહ્યું કે બંને પક્ષોએ સાથે બેસીને કાશ્મીર, પાણી અને આતંકવાદ સહિતના મુદ્દાઓનું નિરાકરણ લાવવું જોઈએ.ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત માટે દબાણ કરવા માટે આ અઠવાડિયે તેમનું આ બીજું નિવેદન હતું. અગાઉ તેહરાનમાં શરીફે કહ્યું હતું કે તેઓ તમામ વિવાદોના ઉકેલ માટે ભારત સાથે વાટાઘાટો કરવા તૈયાર છે. જોકે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે પાકિસ્તાન સાથે ફક્ત પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર પરત કરવા અને આતંકવાદના મુદ્દા પર જ વાટાઘાટો કરશે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે નર્સિંગ કર્મચારીઓને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કારો ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ.

## અગાઉના ખૂનની અદાવતમાં ભાવનગરમાં પોલીસ પુત્રની હત્યા થઈ : ત્રણ સામે ગુનો

। (એજન્સી) ભાવનગર, તા.૩૦ ।

ભાવનગરમાં મહિલા પોલીસ પુત્રની થયેલી હત્યા કેસમાં ત્રણ આરોપી સામે ગુનો દાખલ થયો છે. આ હત્યા અગાઉ થયેલા ખૂનનો બદલો લેવાની અદાવતમાં થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક પોતે અગાઉના ખૂન કેસનો આરોપી હતો અને આજીવન કેદની સજા પડી હતી અને હાલ જામીન પર મુક્ત હોવાનું સામે આવ્યું છે. ભાવનગરમાં મહિલા પોલીસકર્મીના પુત્રની નિર્મમ હત્યા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮માં રેખાબેનના પુત્ર કેવલ અને તેમના અન્ય સગાઓનો માલધારી સોસાયટીમા રહેતા કરશન ઉર્ફે ભાણો સાટીયા સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં કરશનને ગંભીર ઈજાઓ થતાં તેનું મૃત્યુ થયું હતું. કોર્ટે કેવલને આ કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. છેલ્લા અઢી વર્ષથી કેવલ અપીલ દરમિયાન જામીન પર મુક્ત હતો. તાજેતરમાં અગાઉના મૃતક કરશનના ભાઈ અર્જુન સાટીયા, ભરત ખીમાભાઈ સાટીયા અને ભાર્ગવ ઉર્ફે ભરત પાતાભાઈ સાટીયાએ બદલો લેવા કેવલને ગળા અને પેટના ભાગે છરીના ઘા માર્યા હતા. આ હુમલામાં કેવલનું મૃત્યુ થયું.

# ક્વોલિફાયરમાં પંજાબ કિંગ્સે નિરાશ કર્યા, બેંગલોરની ટીમ ફાઇનલમાં

### બેંગલોરના સૂયાશ શર્મા અને હેઝલવૂડે બોલિંગમાં તરખાટ મચાવી ત્રણ ત્રણ વિકેટ ઝડપી

। (એજન્સી) મુલ્લાનપુર, તા.૩૦ ।

સૂયાશ શર્મા અને જોશ હેઝલવૂડની વેધક બોલિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ગુરુવારે રમાયેલી ક્વોલિફાયર-૧ ટી૨૦ ક્રિકેટ મેચમાં પંજાબ કિંગ્સને આઠ વિકેટે હરાવીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૫ની સિઝનની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જોકે પંજાબને પણ ફાઈનલમાં પ્રવેશવાની વધુ એક તક મળશે પરંતુ તે માટે તેણે ક્વોલિફાયર-૨માં રમવું પડશે. બેંગલોર હવે ત્રીજી જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઈનલમાં રમશે. અહીં રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે બેટિંગમાં નિરાશાજનક દેખાવ કર્યો હતો અને તે પૂરી ૨૦ ઓવર પણ રમી શક્યું ન હતું. ૧૪.૧ ઓવરમાં પંજાબની ટીમ ૧૦૧ રનના કુલ સ્કોરે આઉટ થઈ ગઈ હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલોરે આ સ્કોર દસ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો. ૧૦૨ રનના સામાન્ય ટારગેટ સામે રમતાં બેંગલોરે પણ પ્રારંભમાં જ વિરાટ કોહલી (૧૨)ની વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ આ નુકસાન તેમને ખાસ ભારે પડ્યું ન હતું કેમ કે ફિલિપ સોલ્ટ અને મયંક અગ્રવાલે ટીમનો સ્કોર ૮૪ સુધી પહોંચાડીને ટીમના માર્ગ આસાન કરી નાખ્યો હતો. અગ્રવાલે ૧૯ રન ફટકાર્યા હતા પરંતુ તેણે સોલ્ટ સાથે ૫૪ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. ફિલ સોલ્ટ મેચને અંતે ૨૭ બોલમાં ૫૬ રન ફટકારીને અણનમ રહ્યો હતો. તેણે ત્રણ સિક્સર ફટકારી હતી. સોલ્ટે વર્તમાન સિઝનમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી અને આ તમામ ૫૦+ના સ્કોર ટીમ ચેઝ કરતી હોય ત્યારે જ નોંધાયા હતા.

### મહારાષ્ટ્રમાં ૧૬ના મોત

# દિલ્હી અને કેરળમાં ભારે વરસાદનું એલર્ટ, યુપીમાં કરાવૃષ્ટિની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર અને ઉત્તર ભારતના અન્ય રાજ્યોમાં વરસાદ અને જોરદાર વાવાઝોડાની ચેતવણી જારી કરી છે. ગુરુવારે સાંજે દિલ્હી-એનસીઆરમાં ધૂળનું તોફાન આવ્યું હતું. આગામી થોડા કલાકોમાં ભારે વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. તેમજ ઉત્તર પ્રદેશમાં કરા પડવા સહિત ઓરેન્જ એલર્ટ છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ સુધી દેશના ઉત્તર-પશ્ચિમ પ્રદેશ - પંજાબ અને હરિયાણામાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. તેમજ ગઈકાલે યેલો એલર્ટ અને શુક્રવાર માટે ઓરેન્જ એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. તેમજ જમ્મુ અને કાશ્મીરમાં પણ વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. ઉત્તર પ્રદેશમાં કરા સહિત ઓરેન્જ એલર્ટ છે. ખાસ કરીને દિલ્હીમાં, આજે વાવાઝોડા, ભારે પવન અને હળવો વરસાદ થવાની શક્યતા છે અને આવતીકાલે હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. બુધવારે કેરળના વિવિધ ભાગોમાં ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે વૃક્ષો ઉખડી ગયા હતા, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા અને નદી કિનારાના વિસ્તારોમાં પૂર આવ્યું. વાયનાડ જેવા ઘણા પહાડી વિસ્તારોમાં લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા. ઘણા ઘરોને નુકસાન થયું, પાકને પણ નુકસાન થયું. તેમજ કેરળના ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ચોમાસાના વહેલા આગમનના કારણે, મહારાષ્ટ્રમાં ૨૪ મેથી ભારે વરસાદ પડી રહ્યો છે.

### આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસઃ તમાકુ તબાહીનું કારણ, તમાકુ છોડો, જીવન બચાવો

# ધુમ્રપાન એટલે ધીમુ ઝેરઃ તમાકુના સેવનથી કેન્સર, લકવો, હૃદયરોગ, નપુંસકતા અને ટીબી જેવા રોગ થઈ શકે છે

। વલસાડ ।









તમાકુનું સેવન એ વિશ્વમાં અટકાવી શકાય તેવા મૃત્યુનું કારણ છે. દર વર્ષે તમાકુને કારણે થતા રોગોથી સમગ્ર વિશ્વમાં ૬૦ લાખ લોકો મૃત્યુને ભેટે છે. ૬ લાખ મૃત્યુ તો પરોક્ષ ધુમ્રપાનને કારણે થાય છે. જેથી સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે તા. ૩૧ મે એ વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વલસાડ જિલ્લામાં પણ તમાકુ નિષેધ હેઠળ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને મેડિકલ કોલેજ દ્વારા શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ગુટકા, સિગારેટ, બીડી અને તમાકુથી દૂર રહેવા "ટોબેક્કો ફ્રી યુથ કેમ્પેઈન" અને કાઉન્સેલિંગ કરવામાં આવે છે. આ સાથે પોલીસ બંદોબસ્ત રાખી દુકાનોમાં તમાકુ અને તેની પ્રોડકટની ચકાસણી કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.

તમાકુ એક ધીમું ઝેર છે જે શરીરમાં જઈને થોડી ક્ષણ ભલે મજા આપે પરંતુ લાંબા ગાળે શરીર અંદરથી જીવલેણ બિમારીનું ઘર બની જાય છે. આ એક એવું ઝેર છે જે શરીરના બધા જ અવયવો પર પોતાની છાપ છોડે છે અને દરેક અંગને નુકસાન પહોંચાડે છે. તમાકુથી તાત્કાલિક મળતા આનંદના કારણે લાંબા ગાળે થતા નુકસાનને કદી ભૂલવુ ન જોઈએ. તમાકુ સેવન આરોગ્યની સાથે સાથે વ્યક્તિને માનસિક, સામાજિક અને આર્થિક રીતે પણ ભયંકર નુકસાન પહોંચાડે છે. વિશ્વ તમાકુ નિષેધ દિવસે સૌએ તંદુરસ્ત અને તમાકુ-મુક્ત ભવિષ્ય બનાવવા સંકલ્પ લેવો જોઈએ.

વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે વલસાડ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. મનોજભાઈ પટેલે જણાવ્યું કે, એક સર્વેક્ષણ પ્રમાણે કિશોરો અને તરૂણો ૧૫ થી ૨૪ વર્ષની ઉંમરમાં દેખાદેખી અને વટ મારવા માટે ગુટકા, તમાકુ, સિગારેટ પી છે. જેમાં રહેલુ નિકોટીન હૃદયને સૌથી વધુ નુકસાન કરતું તત્વ છે. આ નશાકારક પદાર્થ છે. તેનાથી રક્તકણ ગંઠાય છે, શરીરમાં વિવિધ સ્ત્રાવોનું પ્રમાણ વધારે છે, ચયાપચયનું પ્રમાણ વધારે છે, ચરબી ઓગાળે છે, ધબકારા વધારે છે, નાની ધમનીઓને સંકોચે છે, સ્નાયુઓને ઢીલા કરે છે, ધમનીઓમાં લોહી જામી જાય છે અને લાંબા ગાળે કેન્સર થવાની શકયતા રહે છે. તમાકુના સેવનથી નપુંસકતા, દમ અને શ્વાસની બિમારી, લકવો, હૃદયરોગ, ન્યુમોનીયા, ટીબી (ક્ષયરોગ) થઈ શકે છે. મોઢાના કેન્સરના લગભગ ૯૫ ટકા કેસો તમાકુના કારણે થાય છે. ટીબીથી મૃત્યુ પામનાર દર ૩ માંથી ૧ વ્યકિત તમાકુનો વ્યસની હોય છે. ધુમ્રપાન કરનારમાં ટીબી થવાનું જોખમ તેમજ ટીબીથી થતા મૃત્યુનું જોખમ ૩ થી ૪ ગણુ વધારે હોય છે.

વલસાડ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.કે.સિંઘના માર્ગદર્શન હેઠળ નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગામ હેઠળ તમાકુના વ્યસનથી દૂર રહેવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૫ અને ૨૦૨૪-૨૫માં ૬૪ સ્કૂલમાં જનજાગૃતિ માટે પ્રોગામ કરવામાં આવ્યા હતા. ૧૬૦ સ્કૂલોમાં ૬૦ દિવસ દરમિયાન ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ચલાવવામાં આવ્યુ હતું. વલસાડની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ખાતે ટોબેકો કંટ્રોલ સિઝેશન સેન્ટરમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૯૯૫ અને ૨૦૨૪-૨૫માં ૧૭૩૬ તમાકુના વ્યસની લોકોનું કાઉન્સેલિંગ કરી તમાકુ છોડાવવા માટે પ્રયાસ કરાયા હતા. તમાકુની આદત જીવલેણ છે માટે તમાકુ વ્યસન નિષેધ જરૂરી છે. આપણો એક નિર્ણય આપણા પરિવાર માટે આશીર્વાદ સાબિત થઈ શકે છે. જેથી તમાકુને આજથી અને અત્યારથી જ છોડો.

### COTPA એક્ટ હેઠળ જિલ્લામાં બે વર્ષમાં ૩૧૯ કેસ કરી ૬૨૨૯૦નો દંડ વસૂલાયો

તમાકુ સેવનથી આરોગ્ય પર થતી ભયાનક અસરોથી લોકોને બચાવવા માટે ભારત સરકારે સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડકટ્સ એક્ટ ૨૦૦૩ (COTPA) નામનો રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અધિનિયમ ઘડયો છે. જે મુજબ કલમ ૪- જાહેર સ્થળે ધુમ્રપાન કરવા અંગે પ્રતિબંધ, કલમ-૫ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોની જાહેરાત આપવા પર પ્રતિબંધ, કલમ-૬, સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ વેચાણ કરવા પર પ્રતિબંધ, કલમ ૭,૮ અને ૯ – નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ. આ કલમોના ભંગ બદલ દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવી છે. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગના જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા જાહેર સ્થળો તેમજ દુકાનોમાં પોલીસ સાથે તપાસ કરી વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦૧ કેસ કરી રૂ. ૨૦,૦૪૦નો દંડ અને ૨૦૨૪-૨૫માં ૨૧૮ કેસ કરી ૪૨,૨૫૦નો દંડ દુકાનદારો પાસે વસૂલ્યો છે.

### જનજાગૃતિ માટે મહત્વની ગણાતી છેલ્લા ત્રણ વર્ષની થીમ પર એક નજર

વર્ષ ૨૦૨૫ની થીમ છે, ચાલો સાથે મળીને તમાકુ ઉદ્યોગોની પ્રયુક્તિને ઉજાગર કરીએ

WHOએ ૩૧ મે, ૧૯૮૮ના રોજ એક ઠરાવ પસાર કર્યો અને આ તારીખે વિશ્વ તમાકુ નિષેધ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. વિશ્વ તમાકુ નિષેધ દિવસ દર વર્ષે અલગ અલગ ખાસ થીમ આધારે ઉજવાય છે. વર્ષ ૨૦૨૩ માં વિશ્વ તમાકુ નિષેધ દિવસની થીમ- we need food not tobacco હતી. ૨૦૨૪ માટે વિશ્વ તમાકુ નિષેધ દિવસની થીમ "PrOecting Children From Tobacco Industry Interference" એટલે કે બાળકોને તમાકુ ઉદ્યોગના હસ્તક્ષેપથી બચાવવાની હતી. જયારે ચાલુ વર્ષ ૨૦૨૫ની થીમ "Unmasking the Appeal: Exposing Industry Tactics on Tobacco and NicOine Products" એટલે કે, ચાલો સાથે મળીને તમાકુ ઉદ્યોગોની પ્રયુક્તિને ઉજાગર કરીએ એટલે કે, તમાકુ ઉદ્યોગો દ્વારા કેવી રીતે સ્વાદ અંગે મીઠા જુઠાણા ફેલાવી, આકર્ષક પેકેજિંગ અને ડિજિટલ માર્કેટિંગનો ઉપયોગ કરી ખાસ કરીને યુવાવર્ગને આકર્ષવા માટે જે વ્યુહરચના અપનાવે છે તેને ખુલ્લી પાડવા પર ભાર મુકે છે.

## ન્યૂઝ બ્રિફ

### શંકરસિંહ વાઘેલાની પાર્ટીએ કડી, વિસાવદરમાં ઉમેદવાર જાહેર કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં કડી અને વિસાવદર બેઠક પર પેટા ચૂંટણી યોજાશે. આ સીટ જીતવા ભાજપ અને આમ આદમી પાર્ટી એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આમ આદમી પાર્ટી દ્વારા બંને સીટ પર ઉમેદવાર જાહેર કરી દીધા હતા, જ્યારે ભાજપ અને કોંગ્રેસ ટૂંક સમયાં ઉમેદવાર જાહેર કરશે. રાજ્યાના પૂર્વ મુખ્ય પ્રધાન શંકર સિંહ વાઘેલાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીએ પણ કડી અને વિસાવદર સીટ પર ઉમેદવારો જાહેર કર્યા હતા.કડી બેઠક પર ડો. ગિરીશભાઈ કાપડીયા અને વિસાવદર બેઠક પર કિશોરભાઈ કાનકડ (કાનપરિયા)ને ટિકિટ આપવામાં આવી હતી. પક્ષના કાર્યાલય ખાતે યોજાયેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ઉમેદવારના નામ પર મંજૂરી મારવામાં આવી હતી. ભૂપત ભાયાણીએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાતા વિસાવસર વિધાનસભા બેઠક ખાલી પડી હતી. કડીના ધારાસભ્ય કરશન સોલંકીનું નિધન થતાં કડી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. જેથી આગામી મહિને કડી અને વિસાવદર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજાશે, આ માટે ૧૯ જૂને મતદાન યોજાશે અને ૨૩ જૂને પરિણામો જાહેર થશે.

### વિદેશના હોલીડે પેકેજના નામે અનેક ગ્રાહકો સાથે છેતરપિંડી

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

વિદેશના હોલીડે પેકેજના નામે અનેક ગ્રાહકો સાથે છેતરપિંડી કરનાર ટુર ઓર્ગેનાઈઝર કંપનીના ડિરેક્ટરો અને મેનેજર સામે ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે મેનેજરની ધરપકડ કરી છે. વડોદરાની હોટલોમાં સેમિનાર યોજી કપલોને બોલાવ્યા બાદ બુકિંગના નામે તેમની પાસેથી રૂપિયા પડાવી લેવામાં આવતા હતા. ગ્રાહકોને વિદેશના ટુર પેકેજની ઓફર કરવામાં આવતી હતી. પરંતુ અનેક ગ્રાહકોને કંપનીનો વરવો અનુભવ થયો હતો. વડોદરાના ચાર ગ્રાહકો સાથે આવી જ રીતે રૂ.ત્રણ લાખ ઉપરાંતની ઠગાઈ થઈ હતી. જેમાં એક ગ્રાહકને વિદેશને બદલે એક જ વખત જયપુર મોકલવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમની સાથેનો સંપર્ક બંધ કરી દેવામાં આવ્યો હતો.

### ગરમીથી રાહત મેળવવા માટે નદી, કેનાલ, અને તળાવમાં નહાવા જતા હોય છે

# અમરેલી, હળવદ અને જૂનાગઢમાં કરૂણાંતિકાઃ ડૂબવાની 3 ઘટનામાં ૪ બાળકોના મોત

। (એજન્સી) અમરેલી,તા.૩૦ ।

ઉનાળામાં તાપમાનમાં વધારો થતાં લોકો ગરમીથી રાહત મેળવવા માટે નદી, કેનાલ, અને તળાવમાં નહાવા જતા હોય છે. જેના લીધે ડૂબી જવાની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી હોય છે. ત્યારે આજે હળવદના કડીયાણા ગામે બે બાળકોના ડૂબી જવાથી મોત નીપજ્યા છે, જ્યારે સાવરકુંડલામાં ભેંસણીયા ડેમમાં નહાવા પડતા ત્રણ બાળકોમાંથી ૨ બાળકોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા અને એક બાળકને બચાવી લેવામાં આવ્યો હતો. તો બીજી



તરફ જુનાગઢ જિલ્લાના શીલ ગામે નદીમાં નહાવા પડેલા ત્રણ બાળકોને ડૂબતા બચાવી લેવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર હળવદ તાલુકાના કડીયાણા ગામે વોકળામાં નહાવા પડેલા બે કિશોરના મોત નીપજ્યા છે. આદિત્ય ભરવાડ (ઉં.વ. ૧૩) અને પ્રિન્સ ભરવાડ (ઉં.વ. ૧૨) નામના બે કિશોર પોતાના દાદાની સાથે ખેતરમાં ગયા હતા. ત્યારે ખેતરની બાજુમાંથી પસાર થતાં વોકળામાં નહાવા પડ્યા હતા અને ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ બંને બાળકોને બહાર કાઢી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ બંને બાળકોને મૃત જાહેર કર્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાવરકુંડલાના ભેંસણીયા ડેમમાં ૨ બાળકો ડૂબ્યા, ૧નો આબાદ બચાવ સાવરકુંડલામાં આકાશી મેલડી મંદિર પાસે ભેંસણીયા ડેમમાં નહાવા માટે ગયેલા ત્રણ બાળકો ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયા અને ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે આ ઘટનામાં કૃણાલ અશ્વિનભાઈ સોલંકી (ઉ.વર્ષ ૧૪) અને મંત્ર રાજદીપભાઈ મસરાણી (ઉ.વર્ષ ૧૦)નું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. જ્યારે મોહિત મનીષભાઈ સોલંકી (ઉ.વર્ષ.૧૩) નો આબાદ બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે ત્રણેય બાળકો સાવરકુંડલાના જેસર રોડ રહે છે. ફાયરની ટીમે બે બાળકોના મૃતદેહ બહાર કાઢી ૧૦૮ મારફતે સાવરકુંડલા સિવિલ પીએમ અર્થે ખસેડ્યા હતા. ઘટનાના પગલે પરિવારજનોમાં ભારે શોક પ્રસરી જવા પામ્યો હતો અને સાવર કુંડલા સિવિલમાં પરિવારના હૈયા ફાટ રુદનના કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

જૂનાગઢમાં નદીમાં ડૂબતા ૩ બાળકોને બચાવી લેવાયા

ત્યારે અન્ય બાળકો ડૂબવાનો બનાવ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામે બન્યો હતો. જેમાં નેત્રાવતી નદીમાં નહાવા પડેલા ત્રણ બાળકો ડૂબવા લાગ્યા હતા.

### સ્વસ્થ્ય જીવન શૈલી તરફ સશક્ત પગલું

# ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરાયું

### અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ દર્દીઓનું કરાયું કાઉન્સેલીંગ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

વર્તમાન સમયમાં મેદસ્વિતા ગંભીર સમસ્યા બની રહી છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. પરિણામે શરીર અનેક બીમારીઓનું ઘર બને છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'ઓબેસીટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝૂંબેશ શરૂ કરી છે. આ ઝૂંબેશ હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મેદસ્વીતા ક્લિનીક શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં ૫૬૯ દર્દીઓ વધારે વજન તથા મેદસ્વી કેટેગરી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ક્લિનીકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનીંગ કરી તેનું વજન તથા ઉંચાઈ માપી તેનો BMI (બોડી માસ ઈન્ડેક્ષ) માપવામાં આવે છે. જેમાં ૨૫ થી નીચે BMI વાળા તંદુરસ્ત તથા ૨૫ થી ૩૦ વચ્ચેના વધારે વજનવાળા તથા ૩૦ થી ૩૫ વચ્ચેની મેદસ્વી તથા ૩૫ થી વધારેવાળા અતિ મેદસ્વી કેટેગરીમાં આવે છે. સારવાર માટે આવતા દર્દીઓમાં ૨૫ થી વધારે BMI હોય તેઓનું કાઉન્સીલર દ્વારા મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયેટેશીન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરીયાત મુજબ ફિઝીશીયન, પીડીઆટ્રીશીયન, જનરલ સર્જરી વિભાગ,સાયકીઆટ્રીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

બીપી, ડાયાબિટીસ, હ્યદયરોગ સહિતની બિમારીને નાથવા માટે ઓબેસીટી મહત્વનો ભાગ ભજવતો હોવાથી ઓબેસીટી ક્લિનીકમાં તેવા દર્દીઓની સારવાર કરાય છે. નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ દ્વારા દર્દીઓનું વજન, ઊંચાઈ અને બોડીમાસ ઈન્ડેક્શની ચકાસણી કરવામાં આવે છે. જેના આધારે લોકોને જરૂરિયાત મુજબ જીવનશૈલીમાં ફેરફાર લાવીને ડાયટ પ્લાન બનાવી આપવામાં આવે છે. આ ઉપરાંત ઓબેસીટી ક્લિનીકમાં કાઉન્સિલર દ્વારા દર્દીઓની બીમારીઓને લઈને માર્ગદર્શન આપશે.

યુવા પેઢીને સશક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ ગુજરાત ઝુંબેશ શરૂ કરવામાં આવી. યુવાનોમાં વધતા હાર્ટએટેકના કિસ્સામાં એક કારણ મેદસ્વીપણા હોવાનું પણ સામે આવ્યું છે. ઓબેસીટી એક ગંભીર સમસ્યા બનતા રાજ્યની જુદી-જુદી હોસ્પિટલમાં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યા છે.

## ગુજરાત સરકાર ૨૦૩૬ ઓલિમ્પિક અર્થે પ્રતિનિધિમંડળ લંડન મોકલશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સને લઈ રાજ્ય સરકાર એક પ્રતિનિધિ મંડળ લંડન મોકલશે. ઓલિમ્પિક ગેમ્સનાં આયોજનનાં ભાગરૂપે રમતગમત મંત્રી હર્ષ સંઘવી સહિત ૩ૈંછજી અધિકારીઓ આવતીકાલ ૩૧ મેથી ૮ જૂન સુધી લંડનનો પ્રવાસ કરશે.

અમદાવાદમાં ઓલિમ્પિક ગેમ્સનું સફળ આયોજન થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગેમ્સની પૂર્વ તૈયારી રૂપે સરકારે મોટું પગલું ભર્યુ છે. સરકાર તેમનું એક પ્રતિનિધિમંડળ લંડન મોકલશે. જેના માટે રમતગમત મંત્રી હર્ષ સંઘવી અને ત્રણ આઈએએસ અધિકારી શહેર વિકાસનાં અગ્ર સચિવ અશ્વિનીકુમાર, અમદાવાદ શહેરનાં પૂર્વ કમિશ્નર એમ. થેન્નારસન, અને વર્તમાન કમિશ્નર બંછાનિધિ પાની લંડનની મુલાકાત લેશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો માટેનો મોટાભાગનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે તેમ માનવામાં આવે છે. કેન્દ્ર સરકાર તેમાં અમુક હિસ્સો આપે તેમ માનવામાં આવે છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં ઓલિમ્પિકનું સુંદર આયોજન થાય, ક્યાં કઈ રમત રમાડી શકાય તે અંગે હાલ ૩૩ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. સરકાર આ મામલે કામગીરી શરૂ કરી છે. ૨૩ સ્થળોમાંથી અમદાવાદમાં ૧૭ અને ગાંધીનગરમાં ૬ સ્પોટની પસંદગી કરાઈ છે. ૨૨ સિંગલ સ્પોર્ટસ અને ૧૧ મલ્ટી સ્પોર્ટસ માટે સ્થળો પસંદ કરાયા છે.

ઓલિમ્પિક્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાનો ખર્ચ પાંચથી ૬ હજાર કરોડની આસપાસ આવે તેવું રાજ્ય સરકારના વર્તુળોનું કહેવું છે. આ પ્રોજેક્ટના કોસ્ટ શેરિંગની વહેંચણી હજી સુધી નક્કી થઈ નથી. પણ રાજ્ય સરકાર મહદ અંશે ખર્ચ ભોગવશે તેમ માનવામાં આવે છે. આ ખર્ચો ૭૦થી ૯૦ ટકા સુધીનો હોઈ શકે છે.

સૂચિત ઓલિમ્પિક પાર્કના માસ્ટર પ્લાનિંગ માટે કન્સલ્ટન્ટ, પોપ્યુલસ ડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરવામાં આવી છે. ૨૦૩૬ની આ ગેમ્સ માટે યુરોપિયન દાવેદારોમાં બર્લિન, બુડાપેસ્ટ, ઈસ્તંબુલ અને તુરીનનો સમાવેશ થાય છે. જ્યારે એશિયન દાવેદારોમાં દોહા, ચીનના કેટલાંક શહેરો, સિઓલ અને ઈન્ડોનેશિયાના નુસાન્તારાનો સમાવેશ થાય છે.

# બાળકોના પ્રવાસ દરમિયાન બે પોલીસકર્મીઓ પણ રહેશે હાજર

### દરેક આચાર્યને પ્રવાસ યોજવા પહેલાં નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને બે પોલીસકર્મીઓની હાજરી સુનિશ્ચિત કરવાની રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા યોજાતા પ્રવાસો, પિકનિકો તથા ભારત દર્શન કાર્યક્રમોમાં હવે બે ગણવેશધારી પોલીસકર્મીઓ ફરજિયાત રીતે હાજર રહેશે. ગુજરાતના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાયે રાજ્યની તમામ શાળાઓને આ બાબતે તાત્કાલિક આદેશ આપ્યા છે. આ આદેશને મુખ્ય પ્રધાનમંત્રીના DGP-IGP કોન્ફરન્સમાં આપવામાં આવેલા સૂચન ક્રમ ૦૬ના અમલરૂપે અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ આદેશ મુજબ, દરેક આચાર્યને પ્રવાસ યોજવા પહેલાં નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને પ્રવાસ દરમિયાન બે પોલીસકર્મીઓની હાજરી સુનિશ્ચિત કરવાની રહેશે. મહિલાઓના સહભાગી પ્રવાસો માટે ખાસ રીતે મહિલા પોલીસકર્મીઓની પણ હાજરી ફરજિયાત રહેશે. આચાર્યોને આ સમગ્ર આયોજન અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરી adapprm@gujarat.gov.in ઈ-મેઈલ પર મોકલવા પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ પગલાનો મુખ્ય ઉદ્દેશ બાળકોની સલામતી છે. છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓના પ્રવાસો દરમ્યાન સર્જાતા અકસ્માતો અને દુર્ઘટનાઓએ શિક્ષણ વિભાગને અને પોલીસ તંત્રને ચિંતિત કર્યા છે. ખાસ કરીને વડોદરા શહેરના હરણી તળાવમાં ૨૦૨૩માં થયેલા હરણી બોટ કાંડના પીડાદાયક અનુભવને કારણે શિક્ષણ પ્રવાસોની સલામતી વધુ ચિંતાનો વિષય બની ગઈ હતી. આ કાંડમાં સલામતીના અભાવને કારણે અનેક બાળકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. હવે રાજ્ય સરકારે આ પ્રકારની દુર્ઘટનાઓ અટકાવવા માટે આ નવી વ્યવસ્થા અમલમાં મૂકી છે.

ગુજરાતના અનેક જિલ્લાઓમાં શાળા પ્રવાસો સતત યોજાતા રહે છે. વિદ્યાર્થીઓને શાળાની ચાર દીવાલ બહારના અનુભવોથી અવગત કરાવવા માટે શિક્ષકો વારંવાર શહેરના મ્યુઝિયમ, ઐતિહાસિક સ્થળો, નદી-તળાવ કિનારે, વૈજ્ઞાનિક કેન્દ્રો અને ધાર્મિક સ્થળોની મુલાકાત આયોજન કરે છે. પરંતુ અત્યાર સુધીમાં પ્રવાસોની સુનિશ્ચિત સુરક્ષા અંગે વિશેષ સૂચનાઓ ન હતી. હવે બે પોલીસકર્મીઓની ફરજિયાત હાજરીના આદેશ પછી દરેક આચાર્યો વધુ સતર્ક બનવાના છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આચાર્યોને સમજાવ્યું છે કે, પોલીસ વિભાગના સંકલનથી પ્રવાસ વધુ સુરક્ષિત બનશે. તેઓએ જણાવ્યું કે, "શાળાઓએ બાળકોના જથ્થાના માપ પ્રમાણે પૂરતા પ્રમાણમાં પોલીસ સહાય મેળવવાની રહેશે. ખાસ કરીને મહિલા વિદ્યાર્થીનીઓના પ્રવાસો માટે મહિલા પોલીસકર્મી સાથે રાખવાની સૂચના આચાર્યો માટે અનિવાર્ય છે."







# અમદાવાદમાં ૧ દિવસના નવજાતને થયો કોરોના

। (એજન્સી) અમદાવાદ, તા. ૩૦ ।

કોરોનાના વધતા કેસને લઈને લોકોની ચિંતામાં વધારો થયો છે. આ દરમિયાન એક ચોંકવાની માહિતી સામે આવી છે. જેમાં અમદાવાદમાં એક દિવસના નવજાતને કોવિડ પોઝિટિવ આવ્યો છે. નવજાત બાળકને NICUમાં રખાયું છે. સોલા સિવિલ હોસ્પિટલમાં હાલમાં કોરોનાના પોઝિટિવ ૨ દર્દી સારવાર હેઠળ છે. ગત સપ્તાહે બાળકની માતા પણ કોરોના પોઝિટિવ હતી. હાલમાં બાળકની માતાનો રિપોર્ટ નેગેટિવ છે. ગુજરાતમાં કોરોનાએ ફરી એકવાર દસ્તક દીધી છે, એક પછી એક કોરોનાના નવા કેસ સામે આવી રહ્યા છે. તેથી કોરોનાના વધતા કેસમાં બાળકોને સાચવજો કારણ કે ૧ દિવસની બાળકીને કોરોના થયો હોવાનું સામે આવ્યું છે. હાલ, બાળક અને મહિલા બંનેને ઑબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. બાળક જન્મ્યુ ત્યારે માતા કોવિડ પોઝિટિવ હતી પરંતુ બાળકના જન્મ બાદ માતાનો ફરી રિપોર્ટ કરતા માતાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો પરંતુ બાળકનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ, બાળકનું વજન ઓછું હોવાના કારણે તેને દ્વૈંઝેમાં રાખવામાં આવ્યું છે. અમદાવાદના સોલા સિવિલમાં ૨ કોવિડ પોઝિટિવ દર્દીની સારવાર થઈ રહી છે. જેમાંથી એક નવજાત બાળક છે.

